સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 17

[APRIL - 2023]
[23/04/23 to 29/04/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)






JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

CONTACT US : 93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**23 APR-2023**

- દિવસ મહિમા : 23 એપ્રિલ, વિશ્વ પુસ્તક દિવસ (World Book Day), અંગ્રેજી ભાષા દિવસ (English Language Day) ..... 02
- નિંગાલૂ ગ્રહણ (Ningaloo Eclipse) ..... 03
- QUESTION ANSWERS ..... 04

**24 APR-2023**

- દિવસ મહિમા : 24 એપ્રિલ, રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ, World Lab Animal Day ..... 05
- PSLV - C55/TeLEOS-2 : ISROએ સિંગાપોરના બે ઉપગ્રહને અવકાશમાં છોડ્યા ..... 07
- UDAN 5.0 : ભારત સરકારે UDAN યોજનાનો પાંચમો તબક્કો શરૂ કર્યો ..... 08
- State of Global Climat Report 2022 : WMO ..... 11
- QUESTION ANSWERS ..... 13

**25 APR-2023**

- દિવસ મહિમા : 25 એપ્રિલ, વિશ્વ મેલેરિયા દિવસ (World Malaria Day) ..... 15
- ઓપરેશન કાવેરી ..... 16
- શ્રી મિગુએલ ડિયાઝ - કેનેલ ક્યુબાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા ..... 20
- Logistics Performance Index 2023 ..... 21
- QUESTION ANSWERS ..... 22

**26 APR-2023**

- દિવસ મહિમા : 26 એપ્રિલ, વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ (World Intellectual Property Dayf ..... 23
- કેશવાનંદ ભારતી ચુકાદાના 50 વર્ષ ..... 23
- મનામદુરાઈ પોટરીને GI ટેગ ..... 25
- QUESTION ANSWERS ..... 26

**27 APR-2023**

- પંજાબના પૂર્વ મુખ્યમંત્રી શ્રી પ્રકાશસિંહ બાદલનું નિધન ..... 27
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતની પ્રથમ વોટર મેટ્રોનું ઉદ્‌ઘાટન કર્યું ..... 28
- શ્રી મોહમ્મદ શહાબુદ્દીનએ બાંગ્લાદેશના 22માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા ..... 29
- QUESTION ANSWERS ..... 30

**28 APR-2023**

- દિવસ મહિમા : 28 એપ્રિલ, વિશ્વ કાર્યસ્થળ સુરક્ષા અને આરોગ્ય દિવસ (World Day for Safety and Health at Work) ..... 31
- SIPRI રિપોર્ટ : ભારત વિશ્વનો ચોથો સૌથી વધુ સૈન્ય ખર્ચ કરતો દેશ ..... 31
- દલાઈ લામાને 64 વર્ષ પછી 1959નો રેમન મેગ્સેસે એવોર્ડ આપવામાં આવ્યો ..... 32
- શ્રી રતન ટાટાને ઓસ્ટ્રેલિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન એનાયત ..... 33
- QUESTION ANSWERS ..... 35

**29 APR-2023**

- દિવસ મહિમા : 29 એપ્રિલ, વિશ્વ ડાન્સ દિવસ (World Dance Day) ..... 36
- સૌરાષ્ટ્ર - તમિલ સંગમ ..... 36
- QUESTION ANSWERS ..... 39


**ONE LINER** ..... 40

**QUESTION OF THIS WEEK** ..... 44


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 23 એપ્રિલ, (1) વિશ્વ પુસ્તક દિવસ (World Book Day)
## (2) અંગ્રેજી ભાષા દિવસ (English Language Day)

### વિશ્વ પુસ્તક દિવસ




પુસ્તકના વાંચન, પબ્લિકેશન અને કોપી રાઈટને પ્રોત્સાહન આપવા માટે UNESCO દ્વારા 23 એપ્રિલના રોજ વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ પુસ્તક દિવસને 'વિશ્વ પુસ્તક અને કોપી રાઈટ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય પુસ્તક દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- UNESCO દ્વારા સૌપ્રથમ 23 એપ્રિલ, 1995ના રોજ વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- 23 એપ્રિલ શ્રી વિલિયમ શેક્સપીયર અને શ્રી ઈન્કા ગ્રેસિલસો દે લા વેગાની મૃત્યુની તિથિ છે. આ ઉપરાંત તે અનેક પ્રસિદ્ધ સાહિત્યકારોના જન્મ તથા મૃત્યુ તિથિ સાથે સંકળાયેલી છે.
- આથી, 23 એપ્રિલના રોજ 'વિશ્વ પુસ્તક દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- યુનેસ્કો દર વર્ષે વર્લ્ડ બુક કેપિટલ સિટી તરીકે કોઈ એક સિટીની જાહેરાત કરે છે.
- આ અંતર્ગત યુનેસ્કો દ્વારા વર્ષ 2023ના વર્લ્ડ બુક કેપિટલ સિટી તરીકે ઘાનાના અકરા નામના શહેરની જાહેરાત કરવામાં આવી છે.
- વિશ્વ પુસ્તક દિવસ 2023ની થીમ 'Indigenous Languages' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### World Book Capital Cities

| વર્ષ | શહેર | દેશ |
|---|---|---|
| 2018 | એથેન્સ | ગ્રીસ |
| 2019 | શારજાહ | UAE |
| 2020 | કુઆલા લુમ્પુર | મલેશિયા |
| 2021 | તિલિસી | જ્યોર્જિયા |
| 2022 | ગુઆડાલજારા | મેક્સિકો |
| 2023 | અકરા | ઘાના |

## અંગ્રેજી ભાષા દિવસ

સમગ્ર વિશ્વમાં 23 એપ્રિલ 'અંગ્રેજી ભાષા દિવસ' તરીકે પણ ઉજવાય છે.

- 23 એપ્રિલ શ્રી વિલિયમ શેક્સપીયરની જન્મ તિથિ તથા મૃત્યુ તિથિ હોવાથી આ દિવસને 'અંગ્રેજી ભાષા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

## નિંગાલૂ ગ્રહણ (Ningaloo Eclipse)

'નિંગાલૂ ગ્રહણ' 20 એપ્રિલ, 2023ના રોજ જોવા મળ્યું હતું.

- નિંગાલૂ ગ્રહણ એ એક દુર્લભ 'હાઈબ્રિડ સૂર્યગ્રહણ' (અથવા સંકર સૂર્યગ્રહણ) છે.
- જે પૃથ્વીની સપાટીની વક્રતા અને વલયાકારથી સંપૂર્ણ ગ્રહણમાં ફેરફારને કારણે થાય છે.
- તે અગાઉ વર્ષ 2013માં જોવા મળ્યું હતું. અને હવે આગામી સમયમાં વર્ષ 2031માં દેખાશે.
- ઓસ્ટ્રેલિયા, તિમોર–લેસ્ટે અને ઈન્ડોનેશિયા (પશ્ચિમ પાપુઆ અને પાપુઆ)માં પૂર્ણ સૂર્યગ્રહણ જોવા મળ્યું હતું.



- તથા આજ સમયે દક્ષિણ–પૂર્વ એશિયા, ઈસ્ટ ઈન્ડિઝ, ફિલિપાઈન્સ અને ન્યુઝિલેન્ડમાં આંશિક સૂર્યગ્રહણ જોવા મળ્યું હતું. જો કે ભારતમાં આ સૂર્યગ્રહણ જોવા મળ્યું ન હતું.
- નિંગાલૂ એ પશ્ચિમ ઓસ્ટ્રેલિયાનો એક ભાગ છે. જ્યાંથી આ ગ્રહણ વધુ દેખાય છે. આથી તેનું નામ નિંગાલૂ ગ્રહણ રાખવામાં આવ્યું હતું.

નોંધ : (1) સૂર્યગ્રહણ એ એક પ્રાકૃતિક ઘટના છે. જેમાં સૂર્યનો પ્રકાશ અવરોધાય છે અને પૃથ્વી પર અંધારુ છવાય છે.

(2) જ્યારે સૂર્ય, ચંદ્ર અને પૃથ્વી એક જ રેખામાં આવે ત્યારે સામાન્ય રીતે સૂર્યગ્રહણ થાય છે.

(3) સંપૂર્ણ સૂર્યગ્રહણમાં સૂર્ય પૂરી રીતે ચંદ્ર વડે ઢંકાઈ જાય છે, જ્યારે ખગ્રાસ અને કોણીય ગ્રહણમાં સૂર્યનો માત્ર અમુક ભાગ જ દેખાય છે.

(4) જ્યારે ચંદ્ર પૃથ્વી અને સૂર્યની વચ્ચેથી પસાર થાય છે પરંતુ સંપૂર્ણ રીતે સંરેખિત થતો નથી તેને આંશિક ગ્રહણ કહે છે.

(5) જ્યારે ચંદ્ર પૃથ્વીથી તેના સૌથી દૂરના બિંદુએ હોય ત્યારે વલયાકાર ગ્રહણ થાય છે.

(6) જ્યારે ગ્રહણ પૃથ્વી પરના કેટલાક સ્થળોએથી પૂર્ણ અને અન્ય સ્થળોથી વલયાકાર હોય ત્યારે ચંદ્રના પડછાયાની તુલનામાં દર્શકની સ્થિતિને કારણે સંકર સૂર્યગ્રહણ થાય છે.

1. યુનેસ્કો દ્વારા દર વર્ષે કયા દિવસને 'વિશ્વ પુસ્તક દિવસ' તરીકે ઉજવવામાં છે ?

(A) 22 માર્ચ (B) 22 એપ્રિલ (C) 23 માર્ચ (D) 23 એપ્રિલ **(D)**

2. 'વર્લ્ડ બુક ડે' અથવા 'વિશ્વ પુસ્તક દિવસ'ને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

1. વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ
2. આંતરરાષ્ટ્રીય પુસ્તક દિવસ
3. વિશ્વ પબ્લિકેશન દિવસ

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 2 (B) ફક્ત 3 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 2 **(D)**

3. નીચેનામાંથી કયા પ્રસિદ્ધ સાહિત્યકારની જન્મજયંતિ તથા મૃત્યુ તિથિ 23 એપ્રિલ 'વિશ્વ પુસ્તક દિવસ' તથા અંગ્રેજી ભાષા દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી ચાર્લ્સ ડિકન્સ (B) શ્રી જ્યોર્જ ઓરવેલ

(C) શ્રી ઓસ્કાર વાઈલ્ડ (D) શ્રી વિલિયમ શેક્સપિયર **(D)**

4. યુનેસ્કો દ્વારા વર્ષ 2023ના વર્લ્ડ બુક કેપિટલ સિટી તરીકે કયા શહેરની જાહેરાત કરવામાં આવી છે ?

(A) અકરા (ઘાના) (B) દુબઈ (યુએઈ)

(C) સિડની (ઓસ્ટ્રેલિયા) (D) બાલી (ઈન્ડોનેશિયા) **(A)**


5. તાજેતરમાં 'નિંગાલૂ ગ્રહણ' (અથવા સંકર સૂર્યગ્રહણ) જોવા મળ્યું હતું. નિંગાલૂ પ્રદેશ પરથી આ ગ્રહણને નિંગાલૂ નામ આપ્યું હતું. આ પ્રદેશ કયાં આવેલો છે ?

(A) જાપાન (B) ઓસ્ટ્રેલિયા (C) અમેરિકા (D) રશિયા **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 24 એપ્રિલ, (1) રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ
## (2) World Lab Animal Day
## (World Day for Animals in Laboratories)

### રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ



ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલય દ્વારા દર વર્ષે 24 એપ્રિલના રોજ 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- તત્કાલીન વડાપ્રધાન શ્રી ડો. મનમોહન સિંહે કરેલી જાહેરાત અનુસાર ભારતમાં 24 એપ્રિલ, 2010ના રોજ પ્રથમ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- ત્યારબાદ વર્ષ 2010થી ભારતમાં દર વર્ષે 24 એપ્રિલના રોજ 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ' ઉજવાય છે.
- આ દિવસને રાષ્ટ્રીય સ્થાનિક સ્વરાજ્ય દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારતમાં પંચાયતી રાજ વ્યવસ્થા અંગે મહત્ત્વનો 73મો બંધારણીય સુધારો 24 એપ્રિલ, 1993ના રોજ અમલમાં આવ્યો હતો.
- આથી, આ દિવસની યાદમાં ભારતમાં 24 એપ્રિલના રોજ 'પંચાયતી રાજ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE E

### 73મો બંધારણીય સુધારો

ભારતમાં 73મા બંધારણીય સુધારા દ્વારા ભારતીય બંધારણમાં ભાગ-9 ઉમેરવામાં આવ્યો છે.

- આ નવા ઉમેરાયેલા ભાગ-9માં અનુચ્છેદ 243થી 243(O) અંતર્ગત પંચાયતી રાજ અંગેની (પંચાયતોના માળખા સંબંધિત) જોગવાઈઓ કરવામાં આવી છે.
- આ ઉપરાંત ભારતમાં પંચાયતી રાજના અમલ માટે ભારતીય બંધારણમાં એક નવું પરિશિષ્ટ અથવા તો અનુસૂચિ 11 ઉમેરવામાં આવી છે.
- જેમાં પંચાયત અંગેના 29 વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 40માં પંચાયતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- પંચાયત સંબંધિત જોગવાઈઓ ભારતીય બંધારણના અનુચ્છેદ 243થી 243(O)માં ઉલ્લેખિત છે. જે આ પ્રમાણે છે :

| | |
|---|---|
| અનુચ્છેદ 243 | વ્યાખ્યાઓ |
| અનુચ્છેદ 243(A) | ગ્રામસભા |
| અનુચ્છેદ 243(B) | પંચાયતોની રચના |
| અનુચ્છેદ 243(C) | પંચાયતની સંરચના |
| અનુચ્છેદ 243(D) | બેઠકોમાં અનામત |
| અનુચ્છેદ 243(E) | પંચાયતની મુદત |
| અનુચ્છેદ 243(F) | સભ્યોની ગેરલાયકાત |
| અનુચ્છેદ 243(G) | પંચાયતની સત્તા, અધિકાર, જવાબદારી |
| અનુચ્છેદ 243(H) | પંચાયતની કરવેરા લાદવાની સત્તા અને ફંડ બાબત |
| અનુચ્છેદ 243(I) | રાજ્યપાલ દ્વારા નાણાકીય જોગવાઈ માટે રાજ્ય નાણાપંચની સ્થાપના |
| અનુચ્છેદ 243(J) | પંચાયતોના હિસાબનું ઓડિટ |
| અનુચ્છેદ 243(K) | પંચાયતની ચૂંટણીની જવાબદારી રાજ્ય ચૂંટણીપંચ નિભાવશે |
| અનુચ્છેદ 243(L) | કેન્દ્રશાસિત પ્રદેશોને લાગુ પડવા બાબત |
| અનુચ્છેદ 243(M) | અમુક વિસ્તારોમાં પંચાયતની જોગવાઈ લાગુ ન પડવા બાબત |
| અનુચ્છેદ 243(N) | વિદ્યમાન કાયદાઓ તથા પંચાયતો કાર્યરત રાખવા બાબત |
| અનુચ્છેદ 243(O) | ચૂંટણી સાથે જોડાયેલ બાબતોમાં અદાલત હસ્તક્ષેપ નહીં કરે |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતમાં પંચાયતી રાજનો પ્રારંભ

ભારતમાં સૌપ્રથમ 2 ઓક્ટોબર, 1959ના રોજ રાજસ્થાનના નાગૌર જિલ્લાના બગદરી ગામમાં પંડિત જવાહરલાલ નહેરુ દ્વારા પંચાયતી રાજનો પ્રારંભ થયો હતો.

- રાજસ્થાનના નાગૌર જિલ્લામાં શ્રી બળવંતરાય મહેતા સમિતિની ભલામણોને આધારે આ પંચાયતી રાજનો પ્રારંભ થયો હતો.
- ભારતના દરેક ખૂણામાં પંચાયતી રાજ વ્યવસ્થા અમલમાં મૂકવી એ મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન હતું.
- આથી, રાજસ્થાનના નાગૌર જિલ્લામાં મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી 2 ઓક્ટોબરના રોજ પંચાયતી રાજ વ્યવસ્થાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ ભારતમાં 73મા બંધારણીય સુધારા દ્વારા 1993માં પંચાયતી રાજ વ્યવસ્થાને બંધારણમાં સ્થાન આપવામાં આવ્યું હતું.

નોંધ : 73મો બંધારણીય સુધારો અમલમાં આવ્યા બાદ ગુજરાતમાં પંચાયતી રાજ વ્યવસ્થાના અમલ માટે ગુજરાત સરકાર દ્વારા પંચાયત અધિનિયમ, 1961 નાબૂદ કરીને નવો પંચાયત અધિનિયમ, 1993 લાગુ કરવામાં આવ્યો હતો.

## PSLV - C55/TeLEOS-2 : ISROએ સિંગાપોરના બે ઉપગ્રહને અવકાશમાં છોડ્યા



તાજેતરમાં ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ સિંગાપોર નિર્મિત ઉપગ્રહોને અવકાશમાં મોકલવા માટે PSLV-C55/TeLEOS-2 મિશન સફળતાપૂર્વક લોન્ચ કર્યુ હતું.

- અવકાશ શૂન્યાવકાશમાં પરીક્ષણો કરવા માટે આ મિશનના ભાગરૂપે એક ઓર્બિટલ પ્રાયોગિક મોડ્યુલ પણ લોન્ચ કરવામાં આવ્યું હતું.
- PSLVની આ 57મી ઉડાન હતી અને PSLV કોર અલોન ફ્રિકગરેશન (PSLV-CA)નો ઉપયોગ કરવા માટેનું 16મું મિશન છે.
- તે ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL) દ્વારા એક સમર્પિત વ્યાપારી મિશન છે.
- આ મિશનમાં સિંગાપોરના બે ઉપગ્રહ હતા. જેમાં TeLEOS-2 પ્રાથમિક ઉપગ્રહ તરીકે અને Lumelite-4 સહ–પેસેન્જર ઉપગ્રહ તરીકે હતો.
- વૈજ્ઞાનિકોએ 'PSLV ઓર્બિટલ એક્સપરિમેન્ટ મોડ્યુલ-2 (POEM-2)નો ઉપયોગ તેના દ્વારા હાથ ધરવામાં બિન–વિભાજિત પેલોડ્સ દ્વારા વૈજ્ઞાનિક પ્રયોગો કરવા માટે ભ્રમણકક્ષાના પ્લેટફોર્મ તરીકે કર્યો હતો.

### TeLEOS-2

TeLEOS-2 એ એક અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ (EOS) છે.

- TeLEOS-2નું વજન 741 કિલોગ્રામ છે.
- આ ઉપગ્રહ સિંગાપોર સરકાર અને સિંગાપોર ટેકનોલોજીસ એન્જિનિયરિંગ લિમિટેડ દ્વારા વિકસિત છે.
- TeLEOS-2 સિન્થેટિક એપરચર રડાર (SAR) પેલોડ ધરાવે છે જે 1m ફૂલ–પોલરીમેટ્રિક રિઝોલ્યુશન પર ઈમેજિંગ માટે સક્ષમ છે.
- તે તમામ હવામાન પરિસ્થિતિઓમાં દિવસ અને રાત્રિ કવરેજ પ્રદાન કરવા સક્ષમ હશે.

નોંધ : સિન્થેટિક એપરચર રડાર (SAR) એ સક્રિય રડાર ઈમેજિંગ તકનીકનો એક પ્રકાર છે. જે લક્ષ્ય વિસ્તારની ઉચ્ચ–રિઝોલ્યુશન 3D ઈમેજ મેળવવા માટે રડાર એન્ટેનાની ગતિનો ઉપયોગ કરે છે.

## LUMELITE-4

Lumelite-4 એ સિંગાપોર સ્થિત ST એન્જિનિયરિંગ જીઓ–ઈનસાઈટ્સ Pte લિમિટેડ દ્વારા વિકસાવવામાં આવેલો 16 કિલોનો નાનો ઉપગ્રહ છે.

- તે એક અદ્યતન 12U ઉપગ્રહ છે જે ઉચ્ચ–પ્રદર્શન સ્પેસ–બોર્ન VHF ડેટા એક્સચેન્જ સિસ્ટમ (VDES)ના તકનીકી પ્રદર્શન માટે વિકસાવવામાં આવ્યો છે.
- તેનો હેતુ સિંગાપોરની ઈ–નેવિગેશન મેરીટાઈમ સલામતીને વધારવા અને વૈશ્વિક શિપિંગ સમુદાયને લાભ આપવાનો છે.
- તે એક સહ–પેસેન્જર ઉપગ્રહ છે જે TeLEOS-2 સાથે મોકલવામાં આવ્યો છે.

નોંધ : "12U" એ ક્યુબસેટ્સ માટે પ્રમાણિત સ્વરૂપ પરિબળનો સંદર્ભ આપે છે, જે મોડ્યુલર ડિઝાઈન સાથેના નાના ઉપગ્રહો છે.

## POEM

POEMનું પૂરું નામ 'PSLV ઓર્બિટલ એક્સપેરિમેન્ટલ' છે.

- POEM એ PSLV પ્રક્ષેપણ વાહનના ચોથા તબક્કા દરમિયાન ભ્રમણકક્ષામાં વૈજ્ઞાનિક પ્રયોગો કરવા માટે ISROનું પ્રાયોગિક મિશન છે.
- POEM પાસે વર્તણૂકીય સ્થિરીકરણ માટે સમર્પિત નેવિગેશન ગાઈડન્સ એન્ડ કન્ટ્રોલ (NGC) સિસ્ટમ છે.
- જે પરવાનગી આપેલ શ્રેણીમાં કોઈપણ એરોસ્પેસ વાહનના ઓરિએન્ટેશનને નિયંત્રિત કરે છે.
- NGC ચોક્કસ ચોકસાઈ સાથે તેને સ્થિર કરવા માટે પ્લેટફોર્મ તરીકે કાર્ય કરશે.

## UDAN 5.0 : ભારત સરકારે UDAN યોજનાનો પાંચમો તબક્કો શરૂ કર્યો



તાજેતરમાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયે પ્રાદેશિક કનેક્ટિવિટી સ્કીમ (RCS)નો પાંચમો તબક્કો શરૂ કર્યો છે, જે 'Ude Desh Ka Aam Nagrik' (UDAN) નામથી ઓળખાય છે.

- તેનાથી સમગ્ર ભારતમાં દૂરસ્થ અને પ્રાદેશિક વિસ્તારોમાં કનેક્ટિવિટીને વધુ વેગ મળવાની અપેક્ષા છે.

## UDAN 5.0ની મુખ્ય વિશેષતાઓ

UDAN 5.0 કેટેગરી-2 (20-80 સીટો) અને કેટેગરી-3 (>80 સીટો) એરક્રાફ્ટ પર કેન્દ્રિત છે. જેમાં મૂળ સ્થાન અને ગંતવ્ય વચ્ચેના અંતર પર કોઈ નિયંત્રણ નથી.

- પ્રદાન કરવામાં આવનાર VGF પ્રાથમિકતા અને બિન પ્રાથમિકતા બંને ક્ષેત્રો માટે 600 કિ.મી.ના અંતર સુધી નિર્ધારિત કરવામાં આવશે, અગાઉ આ અંતર 500 કિ.મી. સુધીનું હતું.
- તેમાં કોઈ પૂર્વ–નિર્ધારિત રુટિંગ હશે નહીં, એરલાઈન્સ દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવેલ નેટવર્ક અને વ્યક્તિગત રૂટની દરખાસ્તોને જ ધ્યાનમાં લેવામાં આવશે.
- એક જ એરલાઈનને એક જ રૂટ એક કરતા વધુ વાર આપવામાં આવશે નહીં, પછી ભલે તે અલગ–અલગ નેટવર્કમાં હોય કે એક જ નેટવર્કની અંદર.
- જો એવરેજ ક્વાર્ટરલી પેસેન્જર લોડ ફેક્ટર (PLF) સતત ચાર ક્વાર્ટરમાં 7.5% થી વધી જાય તો એરલાઈનને આપવામાં આવેલ ઓપરેશનનો વિશેષાધિકાર પાછો ખેંચી લેવામાં આવશે.
- કોઈપણ માર્ગ પર એકાધિકારને રોકવા માટે આવું કરવામાં આવ્યું છે.
- એરલાઈન્સે રૂટ ફાળવ્યાના 4 મહિનાની અંદર કામગિરી શરૂ કરવી પડશે, અગાઉ આ સમયમર્યાદા 6 મહિનાની હતી.
- એક ઓપરેટરથી બીજા ઓપરેટર પર જવા માટેની નવીનતા પ્રક્રિયાને સરળ અને પ્રોત્સાહિત કરવામાં આવી છે.

## UDAN યોજના વિશે

UDAN યોજનામાં UDANનું પૂરું નામ 'Ude Desh Ka Aam Nagrik' છે.

- પ્રાદેશિક એરપોર્ટના વિકાસ અને પ્રાદેશિક કનેક્ટિવિટી વધારવા માટે નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા આ યોજના શરૂ કરવામાં આવી હતી.
- તે રાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન નીતિ, 2016નો એક ભાગ છે.
- આ યોજના 10 વર્ષના સમયગાળા માટે લાગુ છે.
- UDAN યોજનાના ઉદ્દેશ્ય નીચે મુજબ છે :
  - (a) એર જોડાણમાં સુધારો કરવો અને ભારતના દૂરસ્થ અને પ્રાદેશિક વિસ્તારોમાં મુસાફરી કરવી.
  - (b) દૂર–દૂરના વિસ્તારોનો વિકાસ અને વેપાર–વાણિજ્યમાં વધારો અને પ્રવાસનનું વિસ્તરણ.
  - (c) સામાન્ય લોકોને સસ્તા દરે હવાઈ મુસાફરી કરવા સક્ષમ બનાવવા.
  - (d) ઉડ્ડયન ક્ષેત્રમાં રોજગારનું સર્જન કરવું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## UDAN યોજનાના વિવિધ તબક્કાઓ

### UDAN 1.0

દેશમાં બિન ઉપયોગી અને સેવા વિનાના એરપોર્ટને ખોલવાના ઉદ્દેશ્ય સાથે વર્ષ 2017માં તબક્કો 1 શરૂ કરવામાં આવ્યો હતો.

- આ તબક્કા હેઠળ 5 એરલાઈન્સ કંપનીઓને 70 એરપોર્ટ માટે 128 ફ્લાઈટ રૂટ આપવામાં આવ્યા હતા.
- જેમાં 36 નવા બનેલા ઓપરેશનલ એરપોર્ટનો સમાવેશ થાય છે.

### UDAN 2.0

તબક્કો 2 વર્ષ 2018માં શરૂ કરવામાં આવ્યો હતો, જેનો ઉદ્દેશ્ય દેશના દૂરના અને દુર્ગમ ભાગોમાં એર કનેક્ટિવિટીનો વિસ્તાર કરવાનો હતો.

- 2018માં નાગરિક ઉડ્ડયન મંત્રાલયે 73 Underserved અને Unserved એરપોર્ટની જાહેરાત કરી હતી.
- પ્રથમ વખત હેલિપેડ પણ UDAN યોજનાના ફેઝ 2 હેઠળ જોડાયેલા હતા.

### UDAN 3.0

નવેમ્બર 2018માં તબક્કો 3 શરૂ કરવામાં આવ્યો હતો, જેમાં દેશના પહાડી અને દૂરના વિસ્તારોમાં એર કનેક્ટિવિટી વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

- UDAN 3.0માં પ્રવાસન મંત્રાલય સાથે સંકલનમાં આ તબક્કા હેઠળ પ્રવાસન માર્ગોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- વોટર એરોડ્રોમ્સને જોડવા માટે સીપ્લેનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઉત્તર–પૂર્વ ક્ષેત્રની અનેક કનેક્ટિવિટી સામેલ કરવામાં આવી હતી.

### UDAN 4.0

2020માં RCS-UDANના ચોથા તબક્કા હેઠળ દેશના દૂરસ્થ અને પ્રાદેશિક વિસ્તારોમાં કનેક્ટિવિટી વધારવા માટે 78 નવા રૂટને મંજૂરી આપવામાં આવી હતી.

### UDAN 4.1

UDAN 4.1 ખાસ હેલિકોપ્ટર અને સીપ્લેન રૂટ સાથે નાના એરપોર્ટને જોડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

- સાગરમાલા સીપ્લેન સેવાઓ હેઠળ કેટલાક નવા રૂટ પ્રસ્તાવિત કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# State of Global Climat Report 2022 : WMO

તાજેતરમાં વર્લ્ડ મીટીરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન (WMO)એ 'સ્ટેટ ઓફ ધ ગ્લોબલ ક્લાઈમેટ રિપોર્ટ 2022' બહાર પાડ્યો છે.

- સ્ટેટ ઓફ ગ્લોબલ ક્લાઈમેટ રિપોર્ટ એ WMOનું વાર્ષિક પ્રકાશન છે. જે વિશ્વભરમાં આબોહવા પરિવર્તનની સ્થિતિ પર નવીનતમ તારણો રજૂ કરે છે.
- આ અહેવાલ પૃથ્વીની આબોહવા પ્રણાલીનું વ્યાપક મૂલ્યાંકન પ્રદાન કરવા માટે હવામાન અને આબોહવા સ્ટેશનોના વૈશ્વિક નેટવર્ક, Ocean buoys અને ઉપગ્રહો તેમજ મોડેલિંગ અભ્યાસોને જોડે છે.

## રિપોર્ટના મુખ્ય તારણો

### ઉચ્ચ વૈશ્વિક સરેરાશ તાપમાન

- વર્ષ 2022માં વૈશ્વિક સરેરાશ તાપમાન 1850-1900ના વર્ષોની સરેરાશ કરતા 1.15°C વધારે હતું.
- 2015 થી 2022 સુધીના આઠ વર્ષ 1850 પછી રેકોર્ડ પર સૌથી ગરમ હતા.

### ગ્રીનહાઉસ ગેસ

ત્રણ મુખ્ય ગ્રીનહાઉસ વાયુઓ, કાર્બન ડાયોક્સાઈડ, મિથેન અને નાઈટ્રસ ઓક્સાઈડની સાંદ્રતા વર્ષ 2021માં વિક્રમી ઊંચી સપાટીએ પહોંચ્યું હતું.

- વર્ષ 2020-2021 સુધીમાં મિથેનની સાંદ્રતામાં રેકોર્ડ વાર્ષિક વધારો જોવા મળ્યો હતો.

### દરિયાની સપાટીમાં વધારો

ગ્લોબલ મીન સી લેવલ (GMSL) વર્ષ 2022માં પણ સતત વધતું રહ્યું, સેટેલાઈટ અલ્ટિમીટર રેકોર્ડ્સના નવા રેકોર્ડ સ્તરે પહોંચ્યું છે.

- 2005-2019ના સમયગાળા દરમિયાન ગ્લેશિયર્સ, ગ્રીનલેન્ડ અને એન્ટાર્કટિકમાં બરફની જમીનની કુલ ખોટ GMSLના વધારામાં 36 ટકા અને મહાસાગરના ઉષ્ણતામાં 55 ટકા ફાળો આપે છે.

### મહાસાગર ઉષ્ણતા

2022માં સમુદ્રની ગરમીનું પ્રમાણ નવા રેકોર્ડ સ્તરે પહોંચ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ગ્રીનહાઉસ વાયુઓ દ્વારા આબોહવા પ્રણાલીમાં ફસાયેલી લગભગ 90 ટકા ઊર્જા સમુદ્રમાં જતી રહે છે જે ઊંચા તાપમાનમાં ફાળો આપે છે અને દરિયાઈ જીવસૃષ્ટિ માટે જોખમ ઉભું કરે છે.

## મહાસાગરનું એસિડિફિકેશન

જ્યારે કાર્બન ડાયોક્સાઈડ દરિયાના પાણીમાં ભળે છે ત્યારે તે ph સ્તરમાં ઘટાડો તરફ દોરી જાય છે, જેને સમુદ્રના એસિડીફિકેશન તરીકે ઓળખવામાં આવે છે.

- IPCCના છઠ્ઠા મૂલ્યાંકન અહેવાલ મુજબ ખુલ્લા મહાસાગરોની સપાટી પરનું ph સ્તર ઓછામાં ઓછા 26,000 વર્ષોમાં તેમના સૌથી નીચા સ્તરે પહોંચી ગયું છે અને પરિવર્તનનો દર અભૂતપૂર્વ છે.

## ગ્લેશિયર

ઓક્ટોબર 2021 અને ઓક્ટોબર 2022 વચ્ચે -1.3 મીટર કરતા વધુની સરેરાશ જાડાઈમાં ફેરફાર સાથે હિમનદીઓએ બરફ ગુમાવ્યો છે.

- જે છેલ્લા દાયકાની સરેરાશ કરતા નોંધપાત્ર રીતે વધારે છે.

## સામાજિક-આર્થિક અને પર્યાવરણીય પરિણામો

- પૂર્વ આફ્રિકામાં સતત પાંચ વરસાદી સિઝનમાં વરસાદ સરેરાશ કરતા ઓછો રહ્યો છે, જે છેલ્લા 40 વર્ષમાં સૌથી લાંબો ક્રમ છે.
- જેના પરિણામે જાન્યુઆરી 2023 સુધીમાં પ્રદેશના 20 મિલિયનથી વધુ લોકો તીવ્ર ખોરાકની અસુરક્ષાનો સામનો કરી રહ્યા છે.
- પાકિસ્તાને જુલાઈ અને ઓગસ્ટમાં વ્યાપક પુરનો અનુભવ કર્યો, જેના કારણે 1700 થી વધુ લોકો મૃત્યુ પામ્યા, 33 મિલિયન લોકોને અસર થઈ અને લગભગ 8 મિલિયન લોકોને વિસ્થાપિત કર્યા હતા. જેના કારણે 30 બિલિયન અમેરિકન ડોલરનું નુકસાન થયું હતું.
- યુરોપમાં ઉનાળામાં વિક્રમજનક હીટવેવ હતી. જેના કારણે 15,000 થી વધુ લોકોના મૃત્યુ થયા હતા.
- આ ઉપરાંત ચીને પણ હીટવેવનો અનુભવ કર્યો હતો.
- વર્ષ 2021 સુધીમાં 2.3 બિલિયન લોકોએ ખાદ્ય સુરક્ષાનો સામનો કર્યો હતો.
- ભારત અને પાકિસ્તાનમાં મોસમી પ્રિ–મોન્સુન હીટવેવને કારણે પાકની ઉત્પાદકતામાં ઘટાડો થયો છે.

નોંધ : (1) વર્લ્ડ મીટીરોલોજિકલ ઓર્ગેનાઈઝેશન (WMO) એ 192 દેશોના સભ્ય પદ સાથે આંતર–સરકારી સંસ્થા છે. ભારત તેનો સભ્ય દેશ છે.

(2) WMOનું મુખ્યમથક સ્વિત્ઝર્લેન્ડના જીનીવા ખાતે આવેલું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** ભારતમાં 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 એપ્રિલ (B) 23 એપ્રિલ (C) 24 એપ્રિલ (D) 25 એપ્રિલ — **(C)**

**2.** ભારતમાં 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ'ની ઉજવણીનો પ્રારંભ ક્યારથી થયો હતો ?

(A) 1993 (B) 2002 (C) 2005 (D) 2010 — **(D)**

**3.** 2 ઓક્ટોબર, 1959ના રોજ ભારતમાં રાજસ્થાનના નાગૌર જિલ્લાના કયા ગામમાં સૌપ્રથમ વખત પંચાયતી રાજ વ્યવસ્થાનો પ્રારંભ થયો હતો ?

(A) બલસાણા (B) બગદરી (C) બરગાંવ (D) બેનાસ — **(B)**

**4.** 'World Lab Animal Day' અથવા તો 'પ્રયોગશાળામાં રહેલા પ્રાણીઓ માટેના દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 એપ્રિલ (B) 23 એપ્રિલ (C) 24 એપ્રિલ (D) 25 એપ્રિલ — **(C)**

**5.** તાજેતરમાં ISROએ TeLEOS-2 અને Lumelite-4 ઉપગ્રહો લોન્ચ કર્યા હતા. આ બંને ઉપગ્રહો કયા દેશના હતા ?

(A) સિંગાપોર (B) ફ્રાન્સ (C) યુનાઈટેડ કિંગ્ડમ (D) નેપાળ — **(A)**

**6.** એપ્રિલ 2023માં ભારત સરકારે UDAN યોજનાનો કેટલામો તબક્કો શરૂ કર્યો છે ?

(A) ત્રીજો (B) ચોથો (C) પાંચમો (D) છઠ્ઠો — **(C)**

**7.** તાજેતરમાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયે UDAN યોજનાનો પાંચમો તબક્કો શરૂ કર્યો છે. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. UDAN 5.0 કેટેગરી-2 (20-80 સીટો) અને કેટેગરી-3 (>80 સીટો) એરક્રાફ્ટ પર કેન્દ્રિત છે.
2. પ્રદાન કરવામાં આવનાર VGF પ્રાથમિકતા અને બિન પ્રાથમિકતા બંને ક્ષેત્રો માટે 600 કિ.મી.ના અંતર સુધિ નિર્ધારિત કરવામાં આવશે.
3. તેમાં કોઈ પૂર્વ–નિર્ધારિત રુટિંગ હશે નહીં, એરલાઈન્સ દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવેલ નેટવર્ક અને વ્યક્તિગત રૂટની દરખાસ્તોને જ ધ્યાને લેવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 — **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**8.** તાજેતરમાં કોણે 'State of Global Climat Report 2022' પ્રસિદ્ધ કર્યો હતો ?

(A) FAO (B) WMO (C) IMO (D) UN-MNO **(B)**

---


**9.** તાજેતરમાં WMOએ 'State of Global Climat Report 2022' પ્રસિદ્ધ કર્યો છે. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ અનુસાર વૈશ્વિક સરેરાશ તાપમાન 1850-1900ના વર્ષોની સરેરાશ કરતા 1.15°C વધારે હતું.
2. વર્ષ 2020-2021 સુધીમાં મિથેનની સાંદ્રતામાં રેકોર્ડ વધારો જોવા મળ્યો હતો.
3. ઓક્ટોબર 2021 અને ઓક્ટોબર 2022 વચ્ચે -1.3 મીટર કરતા વધુની સરેરાશ જાડાઈમાં ફેરફાર સાથે હિમનદીઓએ બરફ ગુમાવ્યો છે.
4. વર્ષ 2021-22માં હીટવેવને કારણે ભારતમાં 15,000 લોકોના મૃત્યુ થયા હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા : 25 એપ્રિલ, વિશ્વ મેલેરિયા દિવસ (World Malaria Day)




સમગ્ર વિશ્વમાં 25 એપ્રિલના રોજ વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ મેલેરિયાને નિયંત્રણમાં લેવા માટે થતાં વિશ્વ વ્યાપી પ્રયત્નોને વાચા આપવાનો છે.
- મે 2007માં વર્લ્ડ હેલ્થ એસેમ્બલીના 60મા સત્રમાં આ દિવસની ઉજવણીને માન્યતા આપવામાં આવી હતી.
- વર્ષ 2023ની વિશ્વ મેલેરિયા દિવસની થીમ 'Time to Deliver Zero Malaria : Invest, Innovate, Implement' છે.

### મેલેરિયાની રસી

23 એપ્રિલ, 2019ના રોજ આફ્રિકી દેશ મલાવીમાં વિશ્વની પ્રથમ મેલેરિયાની રસી લોન્ચ કરવામાં આવી હતી.

- આ રસી પાંચ મહિનાથી બે વર્ષ સુધીના બાળકો માટે છે.
- આ રસીનું નામ RTS-S/A S01 છે. અને તેનું વ્યાપારી નામ 'Mosquirix' (મોસ્કવીરીક્સ) છે.
- વર્ષ 2019માં આ રસી લોન્ચ કર્યા બાદ ઓક્ટોબર 2021માં WHOએ તેને માન્યતા આપી હતી.

### મેલેરિયા

મેલેરિયા એ મચ્છરથી ફેલાતો ચેપી રોગ છે.

- તે ચેપગ્રસ્ત માદા એનોફિલિસ (Anopheles) મચ્છરના ડંખથી ફેલાય છે.
- આ રોગ થવાનું મુખ્ય કારણ પ્લાઝમોડિયમ જૂથના કેટલાક પરોપજીવીઓ છે.
- જેમાં ફાલ્સીપેરમ નામના પ્લાઝમોડિયમને સૌથી ઘાતક માનવામાં આવે છે.
- આફ્રિકા સહિત વિશ્વના તમામ ભાગોમાં મેલેરિયાથી સૌથી વધુ મૃત્યુ આ ફાલ્સીપેરમ નામના પ્લાઝમોડિયમને કારણે જ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ:** (1) WHOએ તેની 'E-2025 પહેલ' હેઠળ 2025 સુધીમાં મેલેરિયાને નાબૂદ કરવાની ક્ષમતા ધરાવતા 25 દેશોની પણ ઓળખ કરી છે.

(2) મેલેરિયાની રસી RTS-S (Mosquirix)ને GlaxoSmithKline (GSK) કંપની દ્વારા વિકસાવવામાં આવી હતી. અને 2015માં યુરોપિયન મેડિસીન એજન્સી દ્વારા મંજૂર કરવામાં આવી હતી.

## ઓપરેશન કાવેરી



- સુદાનમાં વર્તમાન સંકટને કારણે ભારતે ત્યાંથી ભારતના નાગરિકોને બહાર કાઢવા માટે 'ઓપરેશન કાવેરી' શરૂ કર્યુ હતું.
- સુદાનની રાજધાની ખાર્તુમ અને ડાર્ફુર જેવા દૂરના પ્રાંતો સહિત સુદાનના વિવિધ ભાગોમાં આશરે 3000 ભારતીયો ફંસાયેલા હતા.

### ઓપરેશન કાવેરી

ઓપરેશન કાવેરી એ સુદાનમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પરત લાવવા માટે ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલ એક મિશન છે.

- આ ઓપરેશનમાં ભારતીય નૌકાદળનું INS સુમેધા, એક સ્ટીલ્થ ઓફશર પેટ્રોલિંગ જહાજ અને જેદ્દાહમાં સ્ટેન્ડબાય પર ભારતીય વાયુસેનાના બે C-130J સ્પેશિયલ વિમાનોની તૈનાતી સામેલ હતી.
- સમગ્ર સુદાનમાં લગભગ 3,000 ભારતીયો છે.
- સુદાનની રાજધાની ખાર્તુમમાં અનેક સ્થળોએથી ભારે લડાઈના અહેવાલો સાથે સુદાનમાં સુરક્ષાની સ્થિતિ અસ્થિર છે.
- છેલ્લા થોડા દિવસોથી અહીં સેના અને અર્ધલશ્કરી દળો વચ્ચે ભીષણ લડાઈમાં 400થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો છે.
- કર્ણાટકના હક્કી–પિક્કી આદિવાસી સમુદાયના 181થી વધુ સભ્યો સુદાનમાં ફંસાયેલા હતા.
- આ મિશનનું નામ કાવેરી નદીના નામ પરથી રાખવામાં આવ્યું છે.

## સુદાન કટોકટી શું છે ?

સુદાનની કટોકટી એ બે જનરલો આર્મી ચીફ ફતાલ બુરહાન અને ત્યાંના પેરા મિલિટરી ફોર્સના કમાન્ડર મોહમ્મદ હમદાન ડગાલોની શક્તિ અને સત્તાના સંઘર્ષનું પ્રદર્શન છે.

- તાજેતરની કટોકટી બંને વચ્ચેની લડાઈના કારણે જ ઉભી થઈ છે, જેના કારણે ગંભીર પરિણામો સાથે હિંસક મુકાબલો પણ સામેલ છે.

## સુદાનમાં વર્તમાન કટોકટીની પૃષ્ઠભૂમિ




સુદાનમાં વ્યાપક વિરોધના પગલે એપ્રિલ 2019માં લાંબા સમયથી સેવા આપતા સરમુખત્યારશહી રાષ્ટ્રપતિ ઓમર અલ–બશિરની હકાલપટ્ટી એ સુદાનમાં સંઘર્ષનું મુખ્ય કેન્દ્ર છે.

- નોંધનીય છે કે ઓમર અલ–બશીરે વર્ષ 1989માં લોકશાહી રીતે ચૂંટાયેલી સરકારને ઉથલાવી દીધી હતી અને 2019માં સુદાનની સૈન્ય દ્વારા તેમને પદ પરથી હટાવવામાં આવ્યા ત્યાં સુધી સત્તામાં રહ્યા હતા.
- શરૂઆતમાં લશ્કરે સત્તા છોડવાનો ઈનકાર કર્યો હતો પરંતુ જેમ જેમ વિરોધ ચાલુ રહ્યો તેમ તેઓ નાગરિક દળો અને સૈન્ય અધિકારીઓની બનેલી સંક્રમણકારી સરકારમાં ભાગ લેવા સંમત થયા હતા.
- 2023માં લોકશાહી ચૂંટણીઓ યોજાય ત્યાં સુધી સંક્રમણકારી સરકાર ચાર્જમાં રહેવાની હતી.
- નાગરિક અને લશ્કરી બંને પક્ષોમાં વિભાજન વધી રહ્યું હતું તેમજ તેમની વચ્ચે સ્પર્ધા વધી હતી. 2021માં નાગરિક–લશ્કરી ગઠબંધનના લશ્કરી તત્ત્વે દેશનું સંપૂર્ણ નિયંત્રણ કબજે કર્યું હતું.
- 2021માં જનરલ અબ્દેલ ફતાહ અલ–બુરહાનની આગેવાની હેઠળ સુદાન આર્મ્ડ ફોર્સિસ (SAF)એ લશ્કરી બળવા દ્વારા સરકાર પર નિયંત્રણ મેળવ્યું હતું.
- રેપિડ સપોર્ટ ફોર્સિસ (RSF) જનરલ મોહમ્મદ હમદાન ડગાલોની આગેવાની હેઠળ સૈન્યને સત્તામાં રાખવામાં મદદ કરવા માટે સુદાનની સેના સાથે કામ કર્યુ છે.
- SAF અને RSF વચ્ચે તાજેતરની કટોકટીમાં SAF નેતા બુરહાન આંતરરાષ્ટ્રીય દબાણ હેઠળ નાગરિક શાસનમાં સંક્રમણ તરફ વધુ વલણ ધરાવે છે જ્યારે RSF નેતાએ તેનો વિરોધ કર્યો હતો. વધુમાં બુરહાન ઈચ્છે છે કે RSF એ SAFના એકીકૃત કમાન્ડ હેઠળ આવે.

**નોંધ:** (1) રેપિડ સપોર્ટ ફોર્સ (RSF) એ એક જૂથ છે જે જનજાવિદ સંરક્ષિત લડવૈયાઓમાંથી વિકસિત થયું છે, જેણે 2000ના દાયકામાં ચાડની સરહદ નજીક પશ્ચિમ સુદાનના ડાર્ફૂર પ્રદેશમાં સંઘર્ષમાં ભાગ લીધો હતો.

INSTITUTE FOR COMPETITIVE EX

(2) સમય જતા તેમાં તેની સંખ્યામાં વધારો થયો અને વર્ષ 2013માં તે RSF સાથે જોડાઈ.

(3) 2015ના એક અહેવાલમાં હ્યુમન રાઈટ્સ વોચે તેના દળોને 'દયા વગરના પુરુષો' તરીકે વર્ણાવ્યા હતા.

(4) સુદાન એ ઉત્તર–પૂર્વ આફ્રિકામાં સ્થિત એક દેશ છે.

(5) સુદાનની રાજધાની ખાર્તુમ છે.

(6) સુદાનમાં મોટા ભાગના લોકો અરબ બોલે છે અને પોતાને અરબ તરીકે ઓળખાવે છે.

## હક્કી પિક્કી જનજાતિ સમુદાય

કર્ણાટકના હક્કી પિક્કી આદિવાસી સમુદાયના 181થી વધુ સભ્યો હિંસાગ્રસ્ત સુદાનમાં ફસાયેલા હતા.

- હક્કી પિક્કી એ અર્ધ–વિચરતી જાતિ છે જે પરંપરાગત રીતે પક્ષીઓને પકડે છે અને શિકાર કરે છે અને પશ્ચિમ અને દક્ષિણ ભારતના જંગલ વિસ્તારોમાં રહે છે.
- કન્નડમાં 'હક્કી'નો અર્થ 'પક્ષી' થાય છે, જ્યારે 'પિક્કી'નો અર્થ 'પકડનાર' થાય છે.
- આ આદિજાતિના પક્ષીઓ સાથેના ગાઢ જોડાણ અને તેમને પકડવામાં તેમની કુશળતા દર્શાવે છે.
- આ આદિજાતિનું મૂળ સ્થાન ગુજરાત અને રાજસ્થાન હોવાનું માનવામાં આવે છે જે આંધ્રપ્રદેશ થઈને દક્ષિણ ભારતમાં પહોંચ્યા હતા.
- આ જનજાતિ ચાર કુળમાં વહેંચાયેલી છે, જેમ કે ગુજરાથીઓ (Gujrathioa), કાલીવાલા, મેવારા અને પનવારા.
- કર્ણાટકમાં તેમની વસતી લગભગ 11,892 છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુદાનમાં આ જનજાતિ શા માટે છે ?

આફ્રિકા ખંડમાં આયુર્વેદિક ઉત્પાદનોની ભારે માંગ છે.

- સુદાનીઓને મોંઘી 'અંગ્રેજી દવાઓ' પરવડી શકે તેમ ન હોવાથી તેઓ સસ્તા અને અસરકારક વિકલ્પોની શોધમાં હતા.
- હક્કી–પિક્કી પરંપરાગત તબીબી જ્ઞાન ધરાવે છે અને સમુદાયના સભ્યો છેલ્લા ઘણા વર્ષોથી આફ્રિકા ખંડમાં પ્રવાસ કરી રહ્યા છે.
- તેઓ ભારતમાંથી સારવાર માટે જરૂરી જડીબુટ્ટીઓ અને અન્ય દવાઓ લઈ જતા હતા અને ત્યાં વસ્તુઓ વેચતા હતા.
- આ તેમને પોતાની કુશળતા વધારવા અને તેમના ભવિષ્ય માટે ટકાઉ આજીવિકા વિકલ્પો બનાવવાની તકો પૂરી પાડવાની જરૂરિયાતોને પ્રકાશિત કરે છે.

## ભારતના આ અગાઉના અન્ય નાગરિક બચાવ મિશન

| ક્રમ | મિશન/ઓપરેશનનું નામ | વિશેષતા |
|---|---|---|
| 1 | ઓપરેશન દેવીશક્તિ (2021) | ● વર્ષ 2021માં ભારતે યુદ્ધગ્રસ્ત અફઘાનિસ્તાનમાંથી ભારતીય નાગરિકોને બહાર કાઢવા માટે 'ઓપરેશન દેવીશક્તિ' મિશન હાથ ધર્યુ હતું. |
| 2 | વંદે ભારત મિશન (2020) | ● વર્ષ 2020માં કોરોના મહામારીના કારણે વિવિધ દેશમાં લોકડાઉન લાદવામાં આવ્યું હતું.<br>● આથી વિવિધ દેશોમાં મુસાફરી પર પ્રતિબંધના કારણે વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પરત લાવવા માટે આ મિશન હાથ ધરવામાં આવ્યું હતું.<br>● આ મિશન અંતર્ગત લગભગ 32 લાખ મુસાફરોને સુરક્ષિત ઘરે લાવવામાં આવ્યા હતા.<br>● આ અત્યાર સુધીનું સૌથી મોટું નાગરિક સ્થળાંતર ઓપરેશન છે. |
| 3 | ગલ્ફ વોર દરમિયાન સ્થળાંતર (1990-91) | ● ગલ્ફ વોર દરમિયાન લગભગ 1,77,000 ભારતીયો ફસાયેલા હતા.<br>● તે સમયે એર ઈન્ડિયાએ લગભગ 500 ફ્લાઈટ્સનું સંચાલન કર્યુ હતું. |
| 4. | ઓપરેશન રાહત (2015) | ● વર્ષ 2015માં યમન કટોકટી દરમિયાન ભારતીય સશસ્ત્ર દળો દ્વારા શરૂ કરાયેલા 'ઓપરેશન રાહત' અંતર્ગત 41 દેશોના 940 વિદેશી નાગરિકોની સાથે 4,640થી વધુ ભારતીય નાગરિકોને યમનમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.<br>● આ ઓપરેશન દરિયાઈ અને હવાઈ એમ બંને માર્ગે કરવામાં આવ્યું હતું. |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

| ક્રમ | મિશન/ઓપરેશનનું નામ | વિશેષતા |
|---|---|---|
| 5 | ઓપરેશન મૈત્રી (2015) | ● વર્ષ 2015માં નેપાળમાં ભૂકંપ દરમિયાન બચાવ અને રાહત કામગીરી તરીકે ભારત સરકાર અને ભારતીય સશસ્ત્રદળો દ્વારા ઓપરેશન મૈત્રી હાથ ધરવામાં આવ્યું હતું. |
| 6 | ઓપરેશન સુરક્ષિત ઘર વાપસી (2011) | ● લિબિયાના ગૃહ યુદ્ધમાં ફસાયેલા ભારતીય નાગરિકોને બચાવવા માટે ભારત સરકારે 26 ફેબ્રુઆરી, 2011ના રોજ તેની શરૂઆત કરી હતી.<br>● આ ઓપરેશન અંતર્ગત 15000 નાગરિકોને બચાવવામાં આવ્યા હતા. |
| 7 | ઓપરેશન સુકૂન (2006) | ● વર્ષ 2006માં લેબેનોન યુદ્ધ દરમિયાન લેબેનોનામાં ફસાયેલા ભારત, શ્રીલંકા અને નેપાળના નાગરિકોની સુરક્ષિત ઘરવાપસી માટે આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. |
| 8 | ઓપરેશન ગંગા | ● વર્ષ 2022માં યુદ્ધગ્રસ્ત યુક્રેનમાંથી ફસાયેલા ભારતીયોને પરત લાવવા માટે ભારત સરકાર દ્વારા 'ઓપરેશન ગંગા' શરૂ કરવામાં આવ્યું હતું. |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી મિગુએલ ડિયાઝ - કેનેલ ક્યુબાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા



શ્રી મિગુએલ મારિયો ડિયાઝ–કેનેલ બીજા કાર્યકાળ માટે ક્યુબાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે.

- શ્રી મિગુએલ ડિયાઝ–કેનેલે ક્યુબાના રાષ્ટ્રપતિ તરીકે બીજી પાંચ વર્ષની મુદત મેળવી હોવાથી ક્યુબાના રાજકીય દશ્યમાં આ મહત્વપૂર્ણ ઘટના છે.
- રાષ્ટ્રપતિ તરીકે તેમની બીજી મુદત સંસદીય મત દ્વારા પુષ્ટિ કરવામાં આવી હતી.
- જેમાં તેઓ મતદાન પરના એકમાત્ર ઉમેદવાર હતા. શ્રી ડિયાઝ–કેનેલની ઉમેદવારીને આશ્ચર્યજનક 97.66 ટકા મત સાથે મંજૂર કરવામાં આવી હતી.

- તેઓ ક્યુબાની કમ્યુનિસ્ટ પાર્ટી નામના રાજકીય પક્ષ સાથે સંકળાયેલ છે.

નોંધ : ક્યુબા એક ટાપુ દેશ છે. તેનું પાટનગર અને સૌથી મોટું શહેર હવાના છે.

## Logistics Performance Index 2023



તાજેતરમાં World Bank દ્વારા 'લોજિસ્ટિક પર્ફોમન્સ ઈન્ડેક્સ 2023' (LPI 2023) બહાર પાડવામાં આવ્યો હતો.

- આ ઈન્ડેક્સમાં ભારત 139 દેશોમાંથી 38મા ક્રમે છે.
- આ અગાઉ વર્ષ 2018માં ભારત 44માં ક્રમે હતું અને વર્ષ 2014માં 54માં ક્રમે હતું.
- આથી પ્રગતિની દષ્ટિએ હાલમાં ભારતનો રેન્ક ઘણો સારો છે.
- નોંધનીય છે કે આ અગાઉ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે લોજિસ્ટિક્સ ઈઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટ્સ (LEADS) રિપોર્ટ 2022 બહાર પાડ્યો હતો.
- LPI રિપોર્ટ અનુસાર ભારતનો ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્કોર 2018માં 52મા સ્થાનેથી પાંચ સ્થાન વધીને 2023માં 47મા ક્રમે પહોંચી ગયો છે.
- સરકારે વેપાર સંબંધિત સોફ્ટ અને હાડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કર્યુ છે, જે બંને કિનારા પરના પોર્ટ ગેટવેને દેશના આંતરિક પ્રદેશોમાં સ્થિત મુખ્ય આર્થિક કેન્દ્રો સાથે જોડે છે.

### લોજિસ્ટિક્સ પર્ફોમન્સ ઈન્ડેક્સ

લોજિસ્ટિક્સ પરફોર્મન્સ ઈન્ડેક્સ (LPI) એ વિશ્વ બેંક દ્વારા બનાવવામાં આવેલ લોજિસ્ટિક્સ ક્ષમતા સૂચકાંક છે.

- તે કસ્ટમ પ્રક્રિયાઓ, લોજિસ્ટિક ખર્ચ તથા ઓવરલેન્ડ અને મેરીટાઈમ ટ્રાન્સપોર્ટ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ગુણવત્તાના સંદર્ભમાં દેશો વચ્ચેના તફાવતનું વિશ્લેષણ કરે છે.
- દર બે વર્ષે આ રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવે છે. જોકે કોવિડ-19 મહામારીના કારણે આ રિપોર્ટમાં વિલંબ થયો હતો.
- લોજિસ્ટિકની અસરકારકતાનું મૂલ્યાંકન 6 પરિબળોના આધારે કરવામાં આવે છે.

(1) કસ્ટમ કામગીરી
(2) ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગુણવત્તા
(3) શિપમેન્ટની અનુકૂળ વ્યવસ્થા
(4) લોજિસ્ટિક સેવાઓની ગુણવત્તા
(5) કન્સાઈનમેન્ટનું ટ્રેકિંગ અને ટ્રેસિંગ
(6) શિપમેન્ટની સમયસરતા

1. 'વિશ્વ મેલેરિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 એપ્રિલ (B) 23 એપ્રિલ (C) 24 એપ્રિલ (D) 25 એપ્રિલ **(D)**

2. વર્ષ 2023ના 'વિશ્વ મેલેરિયા દિવસ'ની થીમ શું છે ?

(A) Zero Malaria Starts with me

(B) End Malaria for Good

(C) Harnes Inovation to reduce the Malaria disease burden and save lives

(D) Time to deliver Zero Malaria : Invest, Innovate, Implement **(D)**

3. મેલેરિયા કયા માદા મચ્છરના ડંખથી ફેલાતો રોગ છે ?

(A) એડિસ (B) એલ્ફોન્ઝા (C) એફલિસ (D) એનોફિલિસ **(D)**

4. મેલેરિયાને લીધે વિશ્વમાં સૌથી વધુ મૃત્યુ કયા પ્લાઝમોડિયમને કારણે થાય છે ?

(A) વિવેક્ષ (B) ઓવેલ (C) ફાલ્સીપેરમ (D) સિફિલસ **(C)**

5. તાજેતરમાં સુદાનમાં વર્તમાન સંકટને કારણે ત્યાંથી ભારતના નાગરિકોને બહાર કાઢવા માટે ભારતે કયું ઓપરેશન શરૂ કર્યુ હતું ?

(A) ઓપરેશન કાવેરી (B) ઓપરેશન ગંગા (C) ઓપરેશન કોશી (D) ઓપરેશન મેઘના **(A)**

6. તાજેતરમાં શ્રી મિગુએલ ડિઝાય કેનેલ કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે ?

(A) ચાડ (B) ક્યુબા (C) ઘાના (D) નોર્વે **(B)**

7. તાજેતરમાં World Bankએ 'Logistics Performance Index 2023' બહાર પાડ્યો છે. આ ઈન્ડેક્સમાં ભારત 139 દેશોમાંથી કેટલામાં ક્રમે છે ?

(A) 38માં (B) 27માં (C) 23માં (D) 21માં **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 26 એપ્રિલ, વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ (World Intellectual Property Day)



આપણા રોજબરોજના જીવનમાં બૌદ્ધિક સંપદાના પ્રદાન વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી દર વર્ષે 26 એપ્રિલના રોજ 'વિશ્વ બૌદ્ધિક સંપદા દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- World Intellectual Property Organization (WIPO) દ્વારા વર્ષ 2000માં આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- 26 એપ્રિલની તારીખ વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ તરીકે ઉજવવા માટે એટલા માટે પસંદ કરવામાં આવી છે કારણ કે આ દિવસે 'વિશ્વ બૌદ્ધિક સંપદા સંસ્થાની સ્થાપના માટેનું સંમેલન' અમલમાં આવ્યું હતું.
- વર્ષ 2023ની 'વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ'ની થીમ 'Women and IP : Accelerating Innovation and Creativity' છે.

## કેશવાનંદ ભારતી ચુકાદાના 50 વર્ષ

તાજેતરમાં કેશવાનંદ ભારતી કેસની 50મી વર્ષગાંઠે સુપ્રીમ કોર્ટે તેના ઐતિહાસિક ચુકાદા અંગે સ્પેશિયલ વેબ પેજ બનાવ્યું છે.

- આ વેબ પેજમાં કેસને લગતી તમામ મૂળ માળખાગત સિદ્ધાંતોની માહિતી અપલોડ કરવામાં આવી છે.

### શ્રી કેશવાનંદ ભારતીજી કોણ હતા ?

ભારતના પ્રસિદ્ધ સંત શ્રી કેશવાનંદ ભારતીજીનો જન્મ 9 ડિસેમ્બર, 1940ના રોજ થયો હતો.

- 'કેરળના શંકરાચાર્ય' તરીકે પ્રસિદ્ધ સંત શ્રી કેશવાનંદ ભારતીજી કેરળના કાસરગોડ જિલ્લામાં આવેલા ઈડનીર (અથવા એડનીર) મઠના વડા હતા.



- કેરળનો સુપ્રસિદ્ધ ઈડનીર શૈવ મઠ લગભગ 1200 વર્ષ જૂનો પ્રાચીન મઠ છે.
- તેને આદી શંકરાચાર્યની પીઠ પણ કહેવામાં આવે છે.
- શ્રી ઈશ્વરાનંદ ભારતી સ્વામીજી તેમના ગુરૂ હતા.

- પોતાના ગુરૂના નિધન બાદ તેઓ માત્ર 20 વર્ષની ઉંમરે આ મઠના વડા બન્યા હતા.
- ભારતીય આધ્યાત્મ પરંપરાને જાળવવામાં તેમજ સમાજ સેવામાં આ મઠનું મહત્વનું યોગદાન છે.
- આ ઉપરાંત ભારતીય નૃત્ય પરંપરા, કળા તથા સંગીતને પ્રોત્સાહન આપવા માટે પણ કાસરગોડ અને તેની આસપાસના વિસ્તારોમાં દાયકાઓથી આ મઠની ઘણી સ્કૂલ–કોલેજો ચાલે છે.
- 6 સપ્ટેમ્બર, 2020ના રોજ ઈડનીર મઠમાં 79 વર્ષની વયે તેમનું નિધન થયું હતું.

## શું હતો કેશવાનંદ ભારતી વિરુદ્ધ કેરળ સ્ટેટ કેસ

ભારતમાં સુપ્રીમ કોર્ટની 13 જજોની બેન્ચે 7 વિરુદ્ધ 6ના મતથી 'કેશવાનંદ ભારતી વિરુદ્ધ કેરળ સ્ટેટ'ના કેસમાં 24 એપ્રિલ, 1973ના રોજ એક ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો.

- આ ચૂકાદાના કારણે સંત શ્રી કેશવાનંદ ભારતીજીને 'ભારતીય બંધારણના રક્ષક'તરીકે ઓળખવામાં આવે છે.
- 1970ના દાયકામાં જમીન સુધારણા કાયદા અંતર્ગત કેરળ સરકારે ઈડનીર મઠની સેંકડો એકર જમીન સંપાદિત કરી લીધી હતી.
- આથી, આ અંગે શ્રી કેશવાનંદ ભારતીજીએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી.
- જેમાં સુપ્રીમ કોર્ટના તત્કાલીન ચીફ જસ્ટિસ એસ.એમ.સિકરી અથવા તો સર્વ મિત્ર સિકરીની અધ્યક્ષતાવાળી 13 જજની બેન્ચે શ્રી કેશવાનંદ ભારતીજીની તરફેણમાં ઐતિહાસિક ચુકાદો આપતા જણાવ્યું હતું કે – **''ભારતની સંસદ પાસે અનુચ્છેદ–368 અંતર્ગત બંધારણમાં સુધારો કરવાનો અધિકાર છે..... પરંતુ તે ભારતીય બંધારણના મૂળભૂત માળખાને બદલી શકે નહિ..... ભારતીય બંધારણમાં કરવામાં આવેલો કોઈપણ સુધારો ભારતીય બંધારણની મૂળ ભાવનાની વિરુદ્ધનો હોઈ શકે નહિ.''**
- આ ઐતિહાસિક ચુકાદાને કારણે ભારતના બંધારણમાં સંશોધન કરવાની સંસદની અમર્યાદિત સત્તા પર રોક લાગી હતી.
- આ કેસની સુનાવણી 31 ઓક્ટોબર, 1972થી 23 માર્ચ 1973 દરમિયાન 68 દિવસ સુધી ચાલી હતી.

## 13 જજની અત્યાર સુધીની સૌથી મોટી બેન્ચ

1973માં સુપ્રીમ કોર્ટમાં કેરળ સરકાર વિરુદ્ધ કેશવાનંદ ભારતી કેસની સુનાવણી કરવામાં આવી હતી.

- આ કેસમાં સુપ્રીમ કોર્ટે 13 જજની બેન્ચની રચના કરી હતી.
- જે સુપ્રીમ કોર્ટની અત્યાર સુધીની સૌથી મોટી બેન્ચ છે.
- આ કેસમાં શ્રી કેશવાનંદ ભારતીજીના વકીલ શ્રી નાની પાલખીવાલા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ કેસ અંતર્ગત સુપ્રીમ કોર્ટે ભારતીય બંધારણના 'મુળભૂત માળખાનો સિદ્ધાંત' અથવા તો 'બંધારણની મૂળ સંરચનાનો સિદ્ધાંત' આપ્યો હતો.

## મનામદુરાઈ પોટરીને GI ટેગ



તાજેતરમાં મનામદુરાઈ પોટરી (Manamdurai Pottery)ને GI ટેગ આપવામાં આવ્યો છે.

- તમિલનાડુના શિવગંગાઈ જિલ્લાનું એક નાનકડું ગામ મનામદુરાઈ માટીના વાસણો બનાવવા માટે જાણીતું છે.
- આ પરંપરા પેઢી દર પેઢીથી ચાલી આવે છે અને આજે મનામદુરાઈ માટીકામ તેની અનન્ય શૈલી કારીગરી માટે વિશ્વભરમાં ઓળખાય છે.
- માટી કામ માટે વપરાતી આ માટી આ ગામમાંથી પસાર થતી વૈગઈ નદી દ્વારા પ્રાપ્ત થાય છે.
- વૈગઈ નદી માટીકામમાં વપરાતી માટીની ગુણવત્તામાં ફાળો આપે છે, જે તેને પ્રક્રિયા માટે આદર્શ બનાવે છે.
- મનામદુરાઈ માટીકામ બનાવવા માટે પ્રકૃતિના પાંચ તત્વો એટલે કે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને અવકાશનો ઉપયોગ સામેલ છે.
- એવું માનવામાં આવે છે કે આ તત્વો માટીકામને અનન્ય ગુણવત્તા આપે છે જે આધુનિક મશીનરી દ્વારા નકલ કરી શકાતી નથી.
- માટીના વાસણોની ગુણવત્તા સુધારવા માટે માટીના મિશ્રણમાં રેતી ઉમેરવામાં આવે છે. જિલ્લાના વિવિધ સ્થળોએથી રેતી ભેગી કરીને બે દિવસ સૂકવવામાં આવે છે. સિફ્ટિંગ માટીના કણોને અલગ કરે છે અને સોલ્યુશન રેતી સાથે ભળી જાય છે.
- માટીના વાસણોને મજબૂત કરવા માટે સીસું, ગ્રેફાઈટ, કેલ્શિયમ ચૂનો, રાખ, લાલ લીડ, સોડિયમ સિલેકેટ, મેંગેનીઝ, આયર્ન અને પ્લાસ્ટિસાઈઝિંગ પદાર્થો મિશ્રણમાં ઉમેરવામાં આવે છે.




**1.** ‘વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 24 એપ્રિલ (B) 25 એપ્રિલ (C) 26 એપ્રિલ (D) 27 એપ્રિલ **(C)**

**2.** વર્ષ 2023ની ‘વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ’ની થીમ શું છે ?

(A) Innovate for a Green Future

(B) Women and IP : Accelerating Innovation and Creativity

(C) IP and Youth : Innovating for a Better Future

(D) Innovation - Improving Lives **(B)**

**3.** તાજેતરમાં ‘કેશવાનંદ ભારતી કેસ’ના ચૂકાદાના કેટલા વર્ષ પૂર્ણ થયા છે ? (2023ની સ્થિતિએ)

(A) 50 (B) 75 (C) 25 (D) 100 **(A)**

**4.** ભારતની સુપ્રીમ કોર્ટ દ્વારા કયા કેસમાં ભારતીય બંધારણના ‘મુળભૂત માળખાનો સિદ્ધાંત’ આપવામાં આવ્યો હતો ?

(A) શંકરી પ્રસાદ વિ. ભારત સરકાર (B) સજ્જન સિંહ વિ. રાજસ્થાન સરકાર

(C) કેશવાનંદ ભારતી વિ. કર્ણાટક સ્ટેટ (D) કેશવાનંદ ભારતી વિ. કેરળ સ્ટેટ **(D)**

**5.** ભારતના ઐતિહાસિક ‘કેશવાનંદ ભારતી વિરુદ્ધ કેરળ સ્ટેટ’ના કેસની સુનાવણી માટે સુપ્રીમ કોર્ટની અત્યાર સુધીની સૌથી મોટી બેન્ચની રચના કરવામાં આવી હતી. આ બેન્ચમાં કુલ કેટલા ન્યાયાધીશો હતા ?

(A) 5 (B) 7 (C) 9 (D) 13 **(D)**

**6.** તાજેતરમાં માટીના વાસણો બનાવવા માટે જાણીતું ‘મનામદુરાઈ પોટરી’ (Manamdurai Pottery)ને GI ટેગ આપવામાં આવ્યો છે. જે કયા રાજ્ય સાથે સંબંધિત છે ?

(A) ઝારખંડ (B) તમિલનાડુ (C) કેરળ (D) તેલંગાણા **(B)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પંજાબના પૂર્વ મુખ્યમંત્રી શ્રી પ્રકાશસિંહ બાદલનું નિધન

તાજેતરમાં શિરોમણી અકાલી દળના નેતા શ્રી પ્રકાશસિંહ બાદલનું 95 વર્ષની વયે નિધન થયું છે.

- તેઓ પંજાબના પાંચ વખત મુખ્યમંત્રી રહી ચૂક્યા હતા.

### શ્રી પ્રકાશસિંહ બાદલ



શ્રી પ્રકાશસિંહ બાદલનો જન્મ 8 ડિસેમ્બર, 1927ના રોજ પંજાબમાં મલોત નજીક એક નાના ગામ અબુલ ખુરાનામાં એક ખેડૂત પરિવારમાં થયો હતો.

- તેમણે ફોરમેન ક્રિશ્ચિયન કોલેજ, લાહોરમાં તેમનું શિક્ષણ પૂરું કર્યુ હતું.
- અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સભ્ય તરીકે તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી.
- પંજાબ રાજ્યના રાજકરણમાં તેમની લાંબી અને વિશિષ્ટ કારકિર્દી હતી.
- તેઓ કોંગ્રેસના ઉમેદવાર તરીકે 1957માં મલોટથી ચૂંટણી જીત્યા અને રાજ્ય વિધાનસભામાં પ્રવેશ્યા હતા.
- વર્ષ 1969માં શ્રી પ્રકાશ સિંહ બાદલે શિરોમણી અકાલી દળ (SAD) પાર્ટીમાં તેમની નિષ્ઠા બદલી અને શિરોમણી અકાલી દળ (SAD) ટિકિટ પર ગિદ્દરબાહા બેઠક પરથી ચૂંટણી જીતી હતી.
- તેઓ કુલ 11 વખત ધારાસભ્ય (વિધાનસભાના સભ્ય) તરીકે ચૂંટાયા હતા.
- વર્ષ 1970માં તેઓ પ્રથમવાર પંજાબના મુખ્યમંત્રી બન્યા હતા.
- વર્ષ 1977માં થોડા સમય માટે કેન્દ્રમાં શ્રી મોરારજી દેસાઈની સરકારમાં કૃષિ મંત્રી તરીકે સેવા આપી હતી.
- ત્યારબાદ ટૂંક સમયમાં જ પંજાબના રાજકરણમાં પાછા ફર્યા હતા અને ફરીથી 1977 થી 1980 સુધી મુખ્યમંત્રી બન્યા હતા.
- તેમના બીજા કાર્યકાળ દરમિયાન તેમણે ગ્રામીણ વિકાસ અને કૃષિ વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કર્યુ હતું.
- તેમણે પંજાબ રાજ્યમાં નાના પાયાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે ઘણી નીતિઓ અમલમાં મૂકી હતી.
- ઘણા સમય પછી તેઓ વર્ષ 1997માં સત્તામાં પાછા ફર્યા હતા અને 1997 થી 2002 સુધી મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી.
- આ સમય દરમિયાન તેમણે પંજાબના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કર્યુ હતું, ખાસ કરીને પરિવહન અને સંદેશાવ્યવહાર ક્ષેત્રમાં.
- ત્યારબાદ વર્ષ 2007 થી 2012 સુધી ચોથી વાર પંજાબના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ સમયગાળા દરમિયાન તેમણે પંજાબના લોકોની જીવનની ગુણવત્તા સુધારવા માટે ઘણી પહેલ કરી હતી.
- તેમાં આરોગ્યસંભાળ, શિક્ષણ અને જન કલ્યાણમાં સુધારો કરવાના કાર્યક્રમોનો સમાવેશ થાય છે.
- ત્યારબાદ તેમણે 2012 થી 2017 સુધી પાંચમી વખત મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી.
- તેમણે 1970 થી 1971, 1977 થી 1980, 1997 થી 2002, 2007 થી 2012, 2012 થી 2017 એમ કુલ પાંચ વખત પંજાબના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી.
- તેઓ પંજાબમાં 'Champion of Farmers' તરીકે જાણીતા હતા.
- ભારત સરકારે તેમને વર્ષ 2015માં 'પદ્મ વિભૂષણ' પુરસ્કારથી સન્માનિત કર્યા હતા.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતની પ્રથમ વોટર મેટ્રોનું ઉદ્ઘાટન કર્યુ



તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેરળમાં કોચી વોટર મેટ્રો પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યુ છે.

- આ પ્રકારની મેટ્રો એ દેશમાં તેના પ્રકારની પ્રથમ વોટર મેટ્રો સિસ્ટમ છે.
- કોચી વોટર મેટ્રો પ્રોજેક્ટ ભારતમાં પરિવહનમાં ક્રાંતિ લાવશે.
- આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેરળના તિરુવનંતપુરમ્ સેન્ટ્રલ સ્ટેશને દેશની 16મી અને કેરળ રાજ્યની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી આપી હતી.
- કેરળની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ 586 કિ.મી.ની યાત્રામાં 11 જિલ્લા આવરી લેશે. તે કાસરગોડ–તિરુવનંતપુરમ્ વચ્ચે ગુરુવાર સિવાય અઠવાડિયાના છ દિવસ નિયમિત દોડશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

### કોચી વોટર મેટ્રો પ્રોજેક્ટ

કોચી વોટર મેટ્રો પ્રોજેક્ટ મેટ્રો રેલ નેટવર્ક સાથે સંકલિત જાહેર બોટ સેવા છે.

- આ પ્રોજેક્ટ કોચી મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા પૂરી પાડવામાં આવતી નાણાકીય સહાય અને જર્મન ફંડિંગ એજન્સીના સહયોગથી અમલમાં મૂકવામાં આવી રહ્યો છે.
- કોચી વોટર મેટ્રો પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય કેરળ શહેરના દસ ટાપુ સમુદાયોને મુખ્ય ભૂમિ સાથે જોડવાનો છે, જેનાથી મુસાફરીનો સમય અને મુસાફરીનો ખર્ચ ઘટશે.
- કોચી વોટર મેટ્રો એ આધુનિક ફેરી ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ છે જેમાં ગ્રેટર કોચીમાં 16 રૂટ પર કાર્યરત બહુવિધ ફેરીનો સમાવેશ થાય છે.

- અત્યાધુનિક સુરક્ષા સાધનો અને અદ્યતન ટેકનોલોજીથી સજ્જ, ફેરી સરળ મુસાફરી અને વધુ કાર્યક્ષમ મુસાફરી અનુભવની ખાતરી આપે છે.
- કોચી વોટર મેટ્રોની બોટ બેટરીથી ચાલે છે અને દરેક રૂટને પાર કરવા માટે માત્ર <u>10 થી 20 મિનિટની</u> જરૂર પડે છે.
- નવીન તકનીકનો સમાવેશ પ્રતિકુળ હવામાન પરિસ્થિતિઓમાં પણ સરળ સફરને સક્ષમ કરે છે.

નોંધઃ (1) પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી સિસ્ટમમાં કુલ <u>38 સ્ટેશ</u>નો અને <u>78 ફેરી–ફેરી</u> હશે.

(2) આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ <u>તિરુવનંતપુરમ</u>માં <u>ડિજિટલ સાયન્સ પાર્કનું</u> પણ ઉદ્‌ઘાટન કર્યુ હતું.

## શ્રી મોહમ્મદ શહાબુદ્દીનએ બાંગ્લાદેશના 22માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા



25 એપ્રિલ, 2023ના રોજ <u>શ્રી મોહમ્મદ શહાબુદ્દીને</u> બંગભવનના દરબાર હોલમાં આયોજિત રાજ્ય સમારોહમાં <u>બાંગ્લાદેશના 22માં રાષ્ટ્રપતિ</u> તરીકેના શપથ લીધા હતા.

- શ્રી મોહમ્મદ શહાબુદ્દીન ચુપ્પુને ગૃહના સ્પીકર શિરીન શર્મિનએ હોદ્દા અને ગુપ્તાના શપથ લેવડાવ્યા હતા.
- શ્રી મોહમ્મદ શાહબુદ્દીન ફેબ્રુઆરી 2023માં <u>સત્તાધારી આવામી લીગ</u>ના ઉમેદવાર તરીકે રાષ્ટ્રપતિ પદ માટે બિનહરીફ ચૂંટાયા હતા.
- નોંધનીય છે કે આ અગાઉ <u>શ્રી મોહમ્મદ અબ્દુલ હમીદે</u> બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હતી. જેનો કાર્યકાળ 24 એપ્રિલના રોજ પૂરો થયો હતો.



**1.** તાજેતરમાં શ્રી પ્રકાશસિંહ બાદલનું નિધન થયું હતું. તેઓ કયા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી હતા ?

(A) હરિયાણા (B) પંજાબ (C) ઉત્તરાખંડ (D) હિમાચલ પ્રદેશ **(B)**

**2.** શ્રી પ્રકાશસિંહ બાદલે પંજાબ રાજ્યમાં કુલ કેટલી વખત મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી ?

(A) 5 (B) 4 (C) 3 (D) 2 **(A)**

**3.** તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્થળે ભારતની પ્રથમ વોટર મેટ્રોનું ઉદ્‌ઘાટન કર્યું છે ?

(A) કોચી (B) ચેન્નાઈ (C) બેંગ્લોર (D) ગોવા **(A)**

**4.** તાજેતરમાં શ્રી મોહમ્મદ શહાબુદીને કયા દેશના રાષ્ટ્રપતિ તરીકેના શપથ લીધા છે ?

(A) ઈરાન (B) કિર્ગીસ્તાન (C) બાંગ્લાદેશ (D) તજાકિસ્તાન **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## દિવસ મહિમા : 28 એપ્રિલ, વિશ્વ કાર્યસ્થળ સુરક્ષા અને આરોગ્ય દિવસ (World Day for Safety and Health at Work)

## SIPRI રિપોર્ટ : ભારત વિશ્વનો ચોથો સૌથી વધુ સૈન્ય ખર્ચ કરતો દેશ

સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (Stockholm International Peace Research Institute-SIPRI)એ તાજેતરમાં તેનો 'Trends in World Military Expenditure' રિપોર્ટ બહાર પાડ્યો છે.



- વિશ્વ લશ્કરી ખર્ચ અંગેના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે અમેરિકા, ચીન અને રશિયા પછી ભારત વિશ્વમાં ચોથું સૌથી વધુ લશ્કરી ખર્ચ કરનાર દેશ છે.
- SIPRIના ડેટા અનુસાર 2022માં કુલ વૈશ્વિક લશ્કરી ખર્ચમાં 3.7 ટકાનો વધારો થયો છે જે 2240 બિલિયન ડોલરની નવી ટોચે પહોંચી ગયો છે.
- યુરોપમાં લશ્કરી ખર્ચમાં ઓછામાં ઓછા 30 વર્ષમાં સૌથી વધુ વાર્ષિક ધોરણે વધારો જોવા મળ્યો હતો.
- રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે યુરોપિયન યુનિયન દેશો દ્વારા લશ્કરી ખર્ચમાં વધારો થયો છે.
- રશિયાની આક્રમકતાને કારણે યુરોપના ઘણા દેશો તેમના સંરક્ષણ બજેટ પર પુનર્વિચાર કરી રહ્યા છે. અને સંરક્ષણ ક્ષમતાઓમાં તેમનું રોકાણ વધારી રહ્યા છે.
- 2022માં અમેરિકા, ચીન અને રશિયા સૌથી મોટા ખર્ચ કરનારા દેશ છે.
- તેમણે 2022માં કુલ વૈશ્વિક લશ્કરી ખર્ચમાં 56% ફાળો આપ્યો હતો.
- ફિનલેન્ડ, લિથુઆનિયા, સ્વીડન અને પોલેન્ડમાં પણ કેટલોક તીવ્ર વધારો જોવા મળ્યો હતો.
- 2022માં ભારતનો લશ્કરી ખર્ચ 81.4 બિલિયન ડોલર હતો, જે વૈશ્વિક સ્તરે ચોથા ક્રમે છે.
- જે ભારતનો આ અગાઉના વર્ષના ખર્ચની સરખામણીમાં 6%નો વધારો દર્શાવે છે.

INSTITUTE FOR COMPETITIVE

## વર્ષ 2022માં સૌથી વધુ લશ્કરી ખર્ચ કરનારા ટોપના પાંચ દેશો

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | અમેરિકા |
| 2 | ચીન |
| 3 | રશિયા |
| 4 | ભારત |
| 5 | સાઉદી અરેબિયા |

### SIPRI વિશે

SIPRIનું પૂરું નામ 'Stockholm International Peace Research Institute' છે.

- SIPRI એ એક સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. જે સંઘર્ષ, શસ્ત્રો નિયંત્રણ અને નિઃશસ્ત્રીકરણમાં સંશોધન માટે સમર્પિત છે.
- તેની સ્થાપના 6 મે, 1966ના રોજ કરવામાં આવી હતી.
- તેનું મુખ્યમથક સ્વીડનની રાજધાની સ્ટોકહોમમાં આવેલું છે.

## દલાઈ લામાને 64 વર્ષ પછી 1959નો રેમન મેગ્સેસે એવોર્ડ આપવામાં આવ્યો



રેમન મેગ્સેસે એવોર્ડ ફાઉન્ડેશને તાજેતરમાં 64 વર્ષ બાદ તિબેટના આધ્યાત્મિક નેતા દલાઈ લામાને 1959નો રેમન મેગ્સેસે એવોર્ડ અર્પણ કર્યો હતો.

- ફાઉન્ડેશનના અધ્યક્ષ સુસાન્ના બી. અફ્ફાન અને ફાઉન્ડેશનના ટ્રસ્ટી એમિલી એ. અબ્રેરાએ હિમાચલ પ્રદેશના મેકલિયોડગંજ ખાતેના તેમના નિવાસસ્થાને વ્યક્તિગત રીતે એવોર્ડ અર્પણ કર્યો હતો.
- આ પુરસ્કાર મહત્વપૂર્ણ છે કારણ કે દલાઈ લામાને આપવામાં આવેલો પ્રથમ આંતરરાષ્ટ્રીય પુરસ્કાર છે.
- દલાઈ લામાને ઓગસ્ટ 1959માં રેમન મેગ્સેસે એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા હતા.
- આ પુરસ્કાર તિબેટીયન લોકો અને તેમની સંસ્કૃતિ પ્રત્યે દલાઈ લામાની અતૂટ પ્રતિબદ્ધતાને માન્યતા આપે છે.
- દલાઈ લામા તે સમયે એવોર્ડ મેળવી શક્યા ન હતા કારણ કે તેઓ તિબેટથી ભારત આવ્યા હતા.

- તિબેટના લોકો માટે દલાઈ લામાનો સંઘર્ષ ત્યારે શરૂ થયો જ્યારે તિબેટ પર ચીનના આક્રમણને પગલે તેમને 1959માં દેશનિકાલ કરવાની ફરજ પડી હતી.
- તેમણે તેમના જીવનનો મોટાભાગનો સમય તિબેટીયનોના અધિકારોની હિમાયત કરવામાં વિતાવ્યો છે.

## રેમન મેગ્સેસે એવોર્ડ

રેમન મેગ્સેસે એવોર્ડ એશિયાનો સૌથી વધુ પ્રતિષ્ઠિત અને સર્વોચ્ચ એવોર્ડ છે.

- તેને 'એશિયાના નોબેલ પુરસ્કાર' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ફિલિપાઈન્સના સાતમા રાષ્ટ્રપતિ શ્રી રેમન મેગ્સેસેની યાદમાં ફિલિપાઈન્સ સરકાર દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.
- આ એવોર્ડનો પ્રારંભ 1958થી થયો હતો.
- રેમન મેગ્સેસે એવોર્ડ ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓ દ્વારા આ વાર્ષિક પુરસ્કારના વિજેતાઓની પસંદગી કરવામાં આવે છે.

નોંધ: (1) રેમન મેગ્સેસે એવોર્ડ વિજેતા પ્રથમ ભારતીય શ્રી વિનોબા ભાવે હતા.

(2) રેમન મેગ્સેસે એવોર્ડ સૌપ્રથમ 1958માં એનાયત થયો હતો અને એ વર્ષે કુલ છ વ્યક્તિઓની આ પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી હતી. જેમાં ભારતના શ્રી વિનોબા ભાવેનો પણ સમાવેશ થયો હતો.

(3) શ્રી વિનોબા ભાવેને 1958માં કોમ્યુનિટી લીડરશિપની કેટેગરીમાં આ એવોર્ડ એનાયત થયો હતો.

## શ્રી રતન ટાટાને ઓસ્ટ્રેલિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન એનાયત



ભારતના દિગ્ગજ ઉદ્યોગપતિ અને ટાટા સન્સના ચેરમેન શ્રી રતન ટાટાને ઓસ્ટ્રેલિયાના સર્વોચ્ચ નાગરિક સન્માનથી નવાજવામાં આવ્યા છે.

- શ્રી રતન ટાટાને ભારત–ઓસ્ટ્રેલિયા દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાના પ્રયાસો બદલ 'ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયા' (Order of Australia)થી નવાજવામાં આવ્યા છે.
- ભારતમાં ઓસ્ટ્રેલિયાના હાઈ કમિશનર બેરી ઓ'ફેરેલે આ જાહેરાત કરી હતી.
- ટાટા 2022ના ભારત–ઓસ્ટ્રેલિયા આર્થિક સહકાર અને વેપાર કરારના મજબૂત સમર્થક રહ્યા છે.
- અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) પાસે લગભગ 17,000 કર્મચારીઓ સાથે ઓસ્ટ્રેલિયામાં કોઈપણ ભારતીય કંપનીની સૌથી મોટી કર્મચારીઓ હોવાનું કહેવાય છે.

## શ્રી રતન ટાટા

શ્રી રતન ટાટાનો જન્મ <u>28 ડિસેમ્બર, 1937ના</u> રોજ <u>મુંબઈ</u> ખાતે થયો હતો.

- તેમનું પૂરું નામ <u>શ્રી રતન નવલ ટાટા</u> છે.
- વર્ષ <u>1991માં</u> <u>શ્રી જે.આર.ડી. ટાટાએ</u> ટાટા સન્સના ચેરમેન પદેથી રાજીનામું આપ્યું હતું ત્યારે તેમણે <u>શ્રી રતન ટાટાને તેમના અનુગામી</u> તરીકે નિયુક્ત કર્યા હતા.
- તેમની કારકિર્દી દરમિયાન શ્રી રતન ટાટાએ ટાટા જૂથના વિકાસ અને વિસ્તરણમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.
- તેઓ <u>1991 થી 2012</u> સુધી ટાટા ગ્રુપના ચેરમેન હતા અને ઓક્ટોબર 2016થી ફેબ્રુઆરી 2017 સુધી વચ્ચગાળાના ચેરમેન હતા.
- ટાટા વિશ્વના સૌથી મોટા પરોપકારીઓમાંના એક પણ છે, જેમણે તેમની આવકના લગભગ 60-65% દાન કર્યા છે.
- શ્રી રતન ટાટાને મળેલા અન્ય પુરસ્કારો નીચે મુજબ છે :

(1) ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયા (2023), (2) આસામ વૈભવ (2021)

(3) પદ્મ વિભૂષણ (2008), (4) મહારાષ્ટ્ર ભૂષણ (2006), (5) પદ્મ ભૂષણ (2000)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'વિશ્વ કાર્યસ્થળ સુરક્ષા અને આરોગ્ય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 એપ્રિલ (B) 27 એપ્રિલ (C) 28 એપ્રિલ (D) 29 એપ્રિલ **(C)**

2. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા SIPRI રિપોર્ટ અનુસાર ભારત વિશ્વનો કેટલામો સૌથી વધુ સૈન્ય ખર્ચ કરતો દેશ છે ?

(A) પ્રથમ (B) બીજો (C) ત્રીજો (D) ચોથો **(D)**

3. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા SIPRI રિપોર્ટ અનુસાર સૌથી વધુ સૈન્ય ખર્ચ કરતો દેશ કયો છે ?

(A) અમેરિકા (B) ચીન (C) ઈઝરાયેલ (D) રશિયા **(A)**

4. SIPRI રિપોર્ટ અનુસાર વર્ષ 2022માં વિશ્વમાં સૌથી વધુ લશ્કરી ખર્ચ કરતા પ્રથમ પાંચ દેશનો સાચો ક્રમ કયો છે ?

(A) અમેરિકા, ચીન, ભારત, યુનાઈટેડ કિંગ્ડમ, રશિયા

(B) અમેરિકા, ચીન, રશિયા, ભારત, સાઉદી અરેબિયા

(C) અમેરિકા, ચીન, ભારત, રશિયા, જર્મની

(D) અમેરિકા, ચીન, ભારત, યુ.એઈ, જાપાન **(B)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. તાજેતરમાં દલાઈ લામાને 64 વર્ષ પછી રેમન મેગ્સેસે એવોર્ડ આપવામાં આવ્યો છે. આ એવોર્ડ માટે તેમને કયા વર્ષે પસંદ કરવામાં આવ્યા હતાં ?

(A) 1959 (B) 1963 (C) 1967 (D) 1969 **(A)**

6. તાજેતરમાં કયા ભારતીયને ઓસ્ટ્રેલિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન 'ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયા'થી નવાજવામાં આવ્યા છે ?

(A) શ્રી રતન ટાટા (B) શ્રી એસ. જયશંકર

(C) શ્રી નરેન્દ્રભાઈ મોદી (D) શ્રી સાયરસ પુનાવાલા **(A)**

## દિવસ મહિમા : 29 એપ્રિલ, વિશ્વ ડાન્સ દિવસ (World Dance Day)

## સૌરાષ્ટ્ર - તમિલ સંગમ

કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ગુજરાતમાં તાજેતરમાં '<u>સૌરાષ્ટ્ર–તમિલ સંગમ</u>'નું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ અંતર્ગત <u>17 એપ્રિલથી 26 એપ્રિલ</u> દરમિયાન <u>સોમનાથ તીર્થક્ષેત્રમાં</u> આ ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.
- 17 એપ્રિલ 2023ના રોજ ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, આરોગ્ય મંત્રી શ્રી મનસુખ માંડવિયા અને અન્ય લોકોની હાજરીમાં સોમનાથ ખાતે 'સૌરાષ્ટ્ર તમિલ સંગમ' કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.
- સૌરાષ્ટ્ર–તમિલ સંગમમાં લગભગ <u>3000થી વધુ લોકો</u>એ ભાગ લીધો હતો.
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના જણાવ્યા મુજબ સૌરાષ્ટ્ર તમિલ સંગમ એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની <u>એક ભારત–શ્રેષ્ઠ ભારત</u>ની સંકલ્પનાને અનુરૂપ છે.
- સદીઓ પહેલા પોતાના વતન સૌરાષ્ટ્રથી હિજરત કરીને તમિલનાડુમાં વસેલા સૌરાષ્ટ્રવાસીઓના સમુદાયે પોતાની મૂળ માતૃભૂમિ સાથે જોડાયેલા રહિને સાંસ્કૃતિક ઐકય, રાષ્ટ્રીય એકાત્મતા અને ભાવાત્મક એકતાનું વિરલ દષ્ટાંત પૂરું પાડ્યું છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સૌરાષ્ટ્ર અને તમિલનાડુ વચ્ચે સદીઓ જૂના સંબંધ

ભારત વર્ષના <u>તમિલનાડુ રાજ્યમાં</u> 25 લાખ કરતા વધારે <u>સૌરાષ્ટ્રવાસીઓ</u> પોતાના વિસ્તારની પરંપરા તથા વારસાને અકબંધ રાખી સ્થાયી થયા છે.

- 12 જ્યોતિર્લિંગ પૈકીના પ્રથમ જ્યોતિર્લિંગ <u>સોમનાથ</u> ઉપર વિદેશી આક્રમણખોર મોહમ્મદ ગજની એ જ્યારે આક્રમણ કર્યુ હતું. તે સમયે દરિયાઈ માર્ગે સોમનાથ તેમજ આજુબાજુના વિસ્તારમાંથી સામૂહિક સ્વરૂપે દરિયાઈ માર્ગે હિજરત કરી હતી. વિશ્વના ઈતિહાસમાં આ એક મોટામાં મોટી હિજરત ગણાય છે.
- તેઓ સોમનાથની આજુબાજુ વસતા નાગરિકો <u>સાડી વણાટ કામ</u> તેમજ અન્ય <u>હસ્તકલાઓ</u> માટે વિશ્વભરમાં ખ્યાતિ પ્રાપ્ત હતા.



- સાથો સાથ વૈદિક સંસ્કૃતિને સંપૂર્ણ પ્રતિબદ્ધ એવા આ સમાજે પોતાની સંસ્કૃતિને બચાવવા માટે દરિયાઈ માર્ગે હિજરત કરી અને ખંભાત બંદર અને ત્યાંથી ભરૂચ અને પછી સુરત તેમજ ત્યાર પછી મહારાષ્ટ્ર અને મહારાષ્ટ્રમાંથી વિજયનગરમાં આશરે લીધો હતો.
- ત્યારબાદ કાળક્રમે વિજયનગર સામ્રાજ્યનું પતન થતા આ સમુદાયને ફરી હિજરત કરવા મજબૂર બની. ત્યારે તેઓની આ કલાને પીછાણી ને મદુરાઈના તત્કાલીન રાજવંશ મહારાજાએ તેમને રાજ્યાશ્રય આપ્યો હતો.
- 1500ની સાલથી આ સમુદાય મદુરાઈ તેમજ આજુબાજુના વિસ્તારની અંદર સ્થાયી થયો છે.
- આ સમુદાયને ફરીથી વર્તમાન ગુજરાત રાજ્ય સાથે જોડવાનો પ્રયત્ન વર્ષોથી થતો હતો.
- વર્ષ <u>2005 અને 2006ની</u> સાલમાં રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ, ઉપકુલપતિ તેમજ અન્ય અગ્રણીઓ સાથે બેઠક યોજી આ સમુદાય સાથે સંપર્ક પ્રસ્થાપિત કરવા અર્થે પ્રેરિત કર્યા હતા.
- વિધિવત રીતે આ સૌરાષ્ટ્રવાસી સમુદાય ગુજરાત સાથે 1000 વર્ષના ગાળા પછી ફરીથી જોડાયો અને ગુજરાત રાજ્ય તથા તમિલનાડુના આ સૌરાષ્ટ્રવાસી સમુદાય વચ્ચે અનેક વિધ ક્ષેત્રે આદાન–પ્રદાન સંબંધો સ્થાપિત થયા છે.

## સૌરાષ્ટ્ર - તમિલ સંગમ

<u>સૌરાષ્ટ્ર–તમિલ સંગમ</u>માં સહભાગી થવા અને સોમનાથ મહાદેવ અને દ્વારકાધીશનો લાભ લેવા <u>મદુરાઈથી 14 એપ્રિલથી એક વિશેષ ટ્રેન</u> રવાના થઈ હતી.

- આ વિશેષ ટ્રેન મારફત <u>અંદાજે 300 થી વધુ</u> વ્યક્તિઓની એક–એક બેચ સોમનાથ આવી હતી.
- સોમનાથ આવેલા આ સૌ યાત્રિકો માટે સોમનાથ મહાદેવ સામુહિક દર્શન–પૂજન, લાઈટ એન્ડ શો નિદર્શન ઉપરાંત હેન્ડલૂમ અને હેન્ડક્રાફ્ટ એક્સ્પો–શોપિંગ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ ઉપરાંત સોમનાથના સમુદ્રકિનારે કબડ્ડી, ખો–ખો, રસ્સા ખેંચ, વોલીબોલ જેવી મનોરંજક અને પારંપારિક રમતો પણ યોજાઈ હતી.
- સૌરાષ્ટ્ર તમિલ સંગમનો મુખ્ય કાર્યક્રમ સોમનાથ યોજાયો હતો. આ ઉપરાંત <u>દ્વારકા</u>, <u>સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર</u>, <u>રાજકોટ</u> અને <u>પોરબંદર</u> સહિત રાજ્યના વિવિધ સ્થળો ખાતે પણ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.
- સોમનાથ ખાતે <u>સૌરાષ્ટ્ર–તમિલ સંગમ</u> અનુસંધાને ગુજરાત લલિત કલા અકાદમી દ્વારા રેત શિલ્પોના અનેરો શણગાર કરવામાં આવ્યો હતો.

- કેન્દ્રીય મંત્રી શ્રી જી. કિશન રેડ્ડી, તમિલનાડુના રાજ્યપાલશ્રી આર.એન.રવિ., શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શ્રી બળવંતસિંહ રાજપૂત, શ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રી મુળુભાઈ બેરા સહિતના મહાનુભાવોએ મુલાકાત લીધી હતી.
- સૌરાષ્ટ્ર–તમિલ સંગમની પૂર્ણાહુતિ પર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી પ્રેરણા સંદેશ આપ્યો હતો.
- આ ઉત્સવનો ઉદ્દેશ્ય ભારતની સાંસ્કૃતિક વિવિધતા અને શક્તિને ઉજાગર કરવાનો અને લોકોને યાત્રાધામો અને સાંસ્કૃતિક વારસા સાથે ફરીથી જોડવાનો છે.
- સંગમ સમુદાય માટે એકસાથે આવવા, સામાજિક અને સામુદાયિક ભાવનાનું નિર્માણ કરવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરે છે.


## સૌરાષ્ટ્ર - તમિલ સંગમ લોગો





સૌરાષ્ટ્ર–તમિલ સંગમ લોગો તમિલ–સૌરાષ્ટ્રના લોકોની સિલ્ક ફેબ્રિક કુશળતા અને ગુજરાતના કાપડ ઉદ્યોગના વિલીનીકરણને પ્રતિબિંબિત કરે છે.

- બે સંસ્કૃતિઓના સંગમનું નિરુપણ સોમનાથ મંદિર દ્વારા કરવામાં આવ્યું છે, જે સૌરાષ્ટ્રીયનોનું મૂળ સ્થાન છે અને મદુરાઈ નજીકના મીનાક્ષી મંદિર જ્યાં તેઓ સ્થાયી હતા.
- દાંડિયા (ગુજરાત) અને ભારતનાટ્યમ (તમિલનાડુ) સાથે નૃત્યની દંભમાં એક યુવતી બે કલા સ્વરૂપોના સંગમનું પ્રતીક છે.
- લોગોમાં ઉપરના ત્રણ રંગો 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નો સંદેશ દર્શાવે છે.
- જ્યારે નીચેનો વાદળી રંગ બે રાજ્યોના સમુદ્ર સાથેના જોડાણનું પ્રતિક છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'વિશ્વ ડાન્સ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 એપ્રિલ (B) 28 એપ્રિલ (C) 29 એપ્રિલ (D) 30 એપ્રિલ **(C)**

2. તાજેતરમાં 'સૌરાષ્ટ્ર–તમિલ સંગમ'નું ભવ્ય આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?

(A) ચેન્નાઈ (B) સોમનાથ (C) જૂનાગઢ (D) મદુરાઈ **(B)**

3. તાજેતરમાં 'સૌરાષ્ટ્ર–તમિલ સંગમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. તેના સંદર્ભે નીચેના વિધાન પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?

1. સૌરાષ્ટ્ર તમિલ સંગમનો મુખ્ય કાર્યક્રમ સોમનાથ તીર્થક્ષેત્રમાં યોજાયો હતો.
2. આ ઉપરાંત આ સંગમ અન્વયે દ્વારકા, સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર, રાજકોટ અને પોરબંદર સહિતના વિવિધ સ્થળો ખાતે પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.
3. સૌરાષ્ટ્ર–તમિલ સંગમના લોગોમાં દાંડિયા અને ભારતનાટયમ સાથે નૃત્યની દંભમાં એક યુવતી બે કલા સ્વરૂપોના સંગમ સ્વરૂપે દર્શાવવામાં આવી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 2 (D) 1, 2 અને 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

અન્ય મહત્વનું

# ONE LINER

## CURRENT AFFAIRS

## ગુજરાત

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે 'સમાજ ના છાયડા' પુસ્તકનું વિમોચન કર્યું**



વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે અમદાવાદમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વરિષ્ટ પત્રકાર શ્રી રમેશ તન્ના દ્વારા સકારત્મક વાર્તાઓની શ્રેણીના દસમા પુસ્તક 'સમાજના છાયડા'નું વિમોચન કર્યુ હતું. શ્રી રમેશ તન્ના દ્વારા લખાયેલા પુસ્તક 'સમાજના છાયડા સમાજમાં હકારત્મકતા ફેલાવતા બસ કંડક્ટર, પ્રકૃતિ પ્રેમિઓ અને સામાજિક કાર્યકરોની સેવાકીય પ્રવૃત્તિઓનું વર્ણન કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **ઈન્ડિયા-યુ.કે. નેટ ઝીરો ઈનોવેશન વર્ચ્યુઅલ સેન્ટર**



તાજેતરમાં ભારત અને યુનાઈટેડ કિંગ્ડમ ઈન્ડિયા–યુકે નેટ ઝીરો ઈનોવેશન વર્ચ્યુઅલ સેન્ટર સ્થાપવા સંમત થયા છે. તે બંને દેશો સાથેના હિસ્સેદારો માટે ઉત્પાદન પ્રક્રિયાઓ, પરિવહન પ્રણાલીઓના ડીકાર્બોનાઈઝેશન અને નવીનીકરણીય સ્ત્રોત તરીકે ગ્રીન હાઈડ્રોજન જેવા ક્ષેત્રોમાં સહયોગ કરવા માટેનું પ્લેટફોર્મ છે. યુનાઈટેડ કિંગ્ડમના મંત્રી જ્યોર્જ ફ્રીમેનની હાજરીમાં વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડો. જિતેન્દ્ર સિંહની અધ્યક્ષતામાં ભારત–યુકે વિજ્ઞાન અને ઈનોવેશન કાઉન્સિલની બેઠક દરમિયાન આ જાહેરાત કરવામાં આવી છે. ઈન્ડિયા–યુકે નેટ ઝીરો ઈનોવેશન વર્ચ્યુઅલ સેન્ટરની સ્થાપના ભારત અને યુકેને વિવિધ ક્ષેત્રોને ડીકાર્બોનાઈઝ કરવા સાથે મળીને કામ કરવાની તક પૂરી પાડશે. ડીકાર્બોનાઈઝેશન એ કાર્બન ઉત્સર્જન ઘટાડવા અને આબોહવા પરિવર્તનની અસરોને મર્યાદિત કરવાના વૈશ્વિક પ્રયાસોનો એક મહત્વપૂર્ણ ઘટક છે.

**➤ નાગાસ્ત્ર 1 (Nagastra 1)**




ભારતીય સેનાએ તાજેતરમાં સંરક્ષણ ક્ષેત્રે 450થી વધુ સંપૂર્ણ સ્વદેશી નાગાસ્ત્ર-1 લોઈટરિંગ ખરીદવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. સોલાર ઈન્ડસ્ટ્રીઝની પેટાકંપની ઈકોનોમિક એક્સપ્લોસિવ્સ લિમિટેડ (EEL) દ્વારા વિકસિત નાગાસ્ત્ર-1 ભારતના સંરક્ષણ ઉદ્યોગ માટે ગેમ–ચેન્જર છે. નાગાસ્ત્ર-1 એ માનવરહિત એરિયલ વ્હીકલ (UAV) છે. જે અદ્યતન સુવિધાઓ જેમ કે અબોર્ટ, રિકવરી અને પુનઃઉપયોગ ક્ષમતાઓથી સજ્જ છે. તે ભારતના સંરક્ષણ ઉદ્યોગ માટે નોંધપાત્ર સિદ્ધિ છે અને તે 'મેક–ઈન–ઈન્ડિયા' પહેલને અનુરૂપ છે.

**➤ સમુદ્ર આધારિત એન્ડો-એટમોસ્ફેરિક ઈન્ટરસેપ્ટર**

ભારતે તાજેતરમાં એન્ડો–એટમોસ્ફેરિક ઈન્ટરસેપ્ટર મિસાઈલનું પરીક્ષણ કર્યુ હતું. બંગાળની ખાડીમાં ઓડિશાના કિનારે આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પરીક્ષણનો હેતુ દેશના બેલેસ્ટિક મિસાઈલ ખતરાને બેઅસર કરવાનો હતો. આ સફળ પરીક્ષણ સાથે ભારત આવી ક્ષમતા ધરાવતા દેશોના વિશિષ્ટ ક્લબમાં સામેલ થઈ ગયું છે. સમુદ્ર આધારિત મિસાઈલ પરીક્ષણ પહેલા ભારતના સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO)એ દુશ્મન બેલિસ્ટિક મિસાઈલના જોખમોને નિષ્ક્રિય કરવા માટે તેની જમીન આધારિત BMD સિસ્ટમે સમુદ્ર–આધારિત એન્ડો–એટમોસ્ફેરિક ઈન્ટરસેપ્ટર મિસાઈલ વિકસાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

**➤ ભુવનેશ્વરમાં G20 એજ્યુકેશન વર્કિંગ ગ્રુપની ત્રીજી બેઠક**



ભારતની અધ્યક્ષતામાં ત્રીજી G20 એજ્યુકેશન વર્કિંગ ગ્રુપની બેઠક ભૂવનેશ્વરમાં શરૂ થઈ છે. આ બેઠકમાં G20 સભ્ય દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના 60થી વધુ પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. ભારત સરકાર શિક્ષણની પહોંચ, ગુણવત્તા અને પરિણામો સુધારવા માટે પ્રતિબદ્ધ છે. કેન્દ્રીય મંત્રી શ્રી સુભાષ સરકારે દરેકને સામૂહિક કુશળતાનો ઉપયોગ કરવા અને સામાજિક લાભો મેળવવા માટે મજબૂત સંશોધન અને નવીનતા ઈકોસિસ્ટમ બનાવવાનું આહવાન કર્યુ હતું. શિક્ષણના પરિણામોને સુધારવા માટે ટેકનોલોજી અને નવીનતાનો લાભ લેવા માટે સહયોગ જરૂરી છે. ભારત સરકાર તેના લક્ષ્યોને હાંસલ કરવા માટે હિતધારકો સાથે મળીને કામ કરવા પ્રતિબદ્ધ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પ્રધાનમંત્રી પુરસ્કાર**

લોકોના કલ્યાણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોના જિલ્લાઓ અને સંગઠનો દ્વારા કરવામાં આવેલા અસાધારણ અને નવીન કાર્ય માટે જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટેના પ્રધાનમંત્રી પુરસ્કાર એ એક માન્યતા કાર્યક્રમ છે. તાજેતરમાં નવી દિલ્હીમાં રાષ્ટ્રીય નાગરિક સેવા દિવસના કાર્યક્રમમાં તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. PM ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન પહેલને ઈનોવેશન (સેન્ટર) કેટેગરી હેઠળ જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પુરસ્કાર મળ્યો હતો. જમ્મુ અને કાશ્મીર પ્રશાસન દ્વારા 'મિશન યુવા' પહેલને ઈનોવેશન (સ્ટેટ) કેટેગરીમાં એવોર્ડ મળ્યો છે. જ્યારે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના રાષ્ટ્રીય કોવિડ-19 રસીકરણ કાર્યક્રમને ઈનોવેશન કેટેગરીમાં જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પ્રધાનમંત્રી પુરસ્કાર 2022 એનાયત કરવામાં આવ્યો છે. આંધ્રપ્રદેશના અનાકપલ્લી જિલ્લાને આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો દ્વારા સ્વચ્છ ભારતને પ્રોત્સાહન આપવા માટે જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પ્રધાનમંત્રી પુરસ્કાર 2022 મળ્યો છે. અરૂણાચલ પ્રદેશના ચાંગલાંગ જિલ્લાને ન્યૂ એજ લર્નિંગ સેન્ટર (NALC) માટે પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં ઉત્કૃષ્ટતા માટે પ્રધાનમંત્રી પુરસ્કાર મળ્યો છે. તથા મહારાષ્ટ્રના લાતુર જિલ્લાને કેન્સર નિદાન માટે અમલમાં મૂકાયેલી તેની નવીન યોજના, 'સંજિવની અભિયાન'ને માન્યતા આપવા માટે જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટેનો પ્રધાનમંત્રી પુરસ્કાર મળ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **કૃષિ મશીનરી ટેકનોલોજી પર સમિટનું ઉદ્ઘાટન**



કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) અને ટ્રેક્ટર એન્ડ મિકેનાઈઝેશન એસોસિએશન (TMA)એ સંયુક્ત રીતે નવી દિલ્હીમાં ફાર્મ મશીનરી ટેક્નોલોજી પર સમિટનું આયોજન કર્યુ હતું. સમિટનું ઉદ્ઘાટન કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમરે કર્યુ હતું. શ્રી તોમરે તેમના સંબોધનમાં કૃષિમાં ટેક્નોલોજી અને મશીનરીના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો અને કહ્યું કે નાના ખેડૂતો કે જેઓ ખેડૂત સમુદાયના 85% હિસ્સો ધરાવે છે, તેમને તેનો લાભ મળવો જોઈએ. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ આ દિશામાં સરકારના પ્રયાસોની પણ પ્રશંસા કરી હતી.

# વિશ્વ

- **ભારતીય વાયુસેના INIOCHOS-23 કવાયતમાં ભાગ લેશે.**

INIOCHOS-23 એ ગ્રીસ એરફોર્સ દ્વારા આયોજિત એક બહુરાષ્ટ્રીય હવાઈ કવાયત છે. જેમાં ભારતીય વાયુસેના (IAF) ભાગ લેશે. INIOCHOS-23 કવાયત 24 એપ્રિલ થી 4 મે દરમિયાન ગ્રીસના આન્દ્રવિડા એર બેઝ ખાતે હાથ ધરવામાં આવશે. કવાયત INOCHOS-23નો ઉદ્દેશ્ય સહભાગી હવાઈ દળો વચ્ચે આંતરરાષ્ટ્રીય સહયોગ, સિનર્જી અને આંતરકાર્યક્ષમતા મજબૂત કરવાનો છે. આ કવાયત વિવિધ દેશોને એક સાથે આવવા, તેમના જ્ઞાન, કુશળતા અને શ્રેષ્ઠ પ્રયાસો શેર કરવા અને એકબીજાના અનુભવોમાંથી શિખવા માટેનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. ભારતીય વાયુસેના ચાર SU-30 MKI એરક્રાફ્ટ અને બે C-17 એરક્રાફ્ટ સાથે INIOCHOS-23 કવાયતમાં ભાગ લેશે.

- **સ્ટારશિપ**

તાજેતરમાં સ્પેસએક્સે માનવરહિત પરીક્ષણ મિશન હેઠળ સુપર હેવી રોકેટથી સ્ટારશિપ ક્રૂઝ વેસલ લોન્ચ કર્યુ હતું. જોકે સ્ટારશિપનો ઉપલો તબક્કો નીચલા સ્ટેજ સુપર હેવીથી અલગ થવામાં અસમર્થ છે. જેના કારણે સ્ટારશિપ વિસ્ફોટ થાય છે. આ SpaceX સ્પેસક્રાફ્ટ અને સુપર હેવી રોકેટ જે સંયુક્ત રીતે સ્ટારશિપ તરીકે ઓળખાય છે. તે સંપૂર્ણપણે ફરીથી વાપરી શકાય તેવી પરિવહન પ્રણાલી પર બનાવવામાં આવ્યું છે. જે ક્રૂ અને કાર્ગો બંનેને પૃથ્વીની ભ્રમણકક્ષા, ચંદ્ર, મંગળ અને તેનાથી આગળ લઈ જવા માટે રચાયેલ છે. સ્ટારશિપ સુપર હેવી રેપ્ટર એન્જિનોની શ્રેણી દ્વારા સંચાલિત છે, જે લિક્વિડ મિથેન ($CH_4$) અને લિક્વિડ ઓક્સિજન (LOX)નો ઉપયોગ કરે છે. SpaceX એ એક ખાનગી કંપની છે જેની સ્થાપના વર્ષ 2002માં એલોન મસ્ક દ્વારા કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- **ઈન્ડો-પેસિફિક આઉટલુક (IPO) : બાંગ્લાદેશ**

બાંગ્લાદેશે તાજેતરમાં તેના 15 પોઈન્ટ ઈન્ડો–પેસિફિક આઉટલુક (IPO)ની જાહેરાત કરી હતી. જેમાં મુક્ત, ખુલ્લા, શાંતિપૂર્ણ, સુરક્ષિત અને સમાવેશી ઈન્ડો–પેસિફિકની કલ્પના કરવામાં આવી હતી. બાંગ્લાદેશના વડાપ્રધાન શ્રીમતી શેખ હસીનાની જાપાન, યુએસ અને યુકેની ત્રિ–રાષ્ટ્રીય મુલાકાતે IPOની જાહેરાતને પ્રોત્સાહન આપ્યું હતું. બાંગ્લાદેશના ઈન્ડો–પેસિફિક આઉટલુક (IPO) અનુસાર દેશનો ઉદ્દેશ રચનાત્મક પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સહયોગ દ્વારા ટકાઉ વિકાસ, આંતરરાષ્ટ્રીય શાંતિ, સુરક્ષા, માનવતાવાદી પગલા અને મૂળભૂત અધિકારો અને સ્વતંત્રતાઓ હાંસલ કરવાનો છે. આ સાથે બાંગ્લાદેશના IPOએ ભારત સાથે ભાગીદારીનો માર્ગ ખોલ્યો છે.

1. તાજેતરમાં કોણે 'Status of Women in Agrifood Systems' રિપોર્ટ બહાર પાડ્યો છે ? – FAO

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ ડેનિશ કિલ્લો કયા રાજ્યમાં છે ? – તમિલનાડુ

(થરંગબાડી, જેને ટ્રાંક્વેબાર તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમાં 400 વર્ષ જૂનો ડેનિશ કિલ્લો આવેલ છે, જેનું 3.5 કરોડના ખર્ચે નવીનીકરણ કરવામાં આવશે.)

3. કયા દેશે '1 બિલિયન મીલ્સ એન્ડોવમેન્ટ' અભિયાન શરૂ કર્યુ છે ? – સંયુક્ત આરબ અમિરાત

4. કઈ સંસ્થાએ 'કોલિશન ઓફ કોસ્ટલ સિટીઝ ટુ કોમ્બેટ મરીન લિટર' શરૂ કર્યુ છે ?

– સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરન્મેન્ટ

5. તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રાલયે 'National Climate Vulnerability Index' વિકસાવ્યો છે ?

– વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય

6. તાજેતરમાં IMF અને વર્લ્ડ બેંક ગ્રુપ (WBG)એ અમેરિકાના _____ માં સ્પ્રિંગ મીટિંગનું આયોજન કર્યુ હતું.

– વોશિંગ્ટન ડીસી

7. મેગ્નાપોર્થ ઓરીઝા શું છે, જે તાજેતરમાં સમાચારોમાં હતું ? – ફૂગ

8. રાજ્યની સરકારી નોકરીઓમાં 60% થી 77% અનામત આપવાનું બિલ તાજેતરમાં કયા રાજ્યએ પસાર કર્યુ છે ?

– ઝારખંડ

9. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝિલેન્ડમાં દર વર્ષે કયા દિવસે 'એન્ઝેક ડે' ઉજવવામાં આવે છે ? – 25 એપ્રિલ

10. સિનેમેટોગ્રાફ (સુધારા) બિલ, 2023 કયા કેન્દ્રીય મંત્રાલય સાથે સંબંધિત છે ? – માહિતી અને પ્રસારણ મંત્રાલય

11. તાજેતરમાં તારિક ફતેહનું નિધન થયું છે તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ હતા ?

– પત્રકારત્વ (પાકિસ્તાન–કેનેડિયન પત્રકાર)

12. કયું શહેર 'પાણી પર્યાપ્ત પંચાયતો સ્વચ્છ અને હરિયાળી પંચાયતો અને સ્વસ્થ પંચાયતો' પર રાષ્ટ્રીય પરિષદોનું આયોજન કરશે ? – નવી દિલ્હી

13. તાજેતરના એક અભ્યાસ મુજબ 100% સાક્ષરતા સાથે કયું રાજ્ય ભારતનું સૌથી ખુશખુશાલ રાજ્ય છે ?

– મિઝોરમ

14. તાજેતરમાં અભિનેતા માધવનના પુત્ર શ્રી વેદાંતે કઈ રમતમાં પાંચ ગોલ્ડ મેડલ જીત્યા હતા ? – સ્વિમિંગ


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

15. શાંતિ માટે બહુપક્ષીયવાદ અને મુત્સદ્દીગીરીનો આંતરરાષ્ટ્રીય દિવસ ક્યારે ઉજવવામાં આવ્યો હતો ?– 24 એપ્રિલ
16. કયો દેશ 'યુરોપિય યુનિયન–ઈન્ડિયા એવિએશન સમિટ'નો યજમાન દેશ છે ? – ભારત
17. કયા રાજ્યની વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમ વખત 'વોટ ફ્રોમ હોમ' પહેલ શરૂ કરવામાં આવી છે ? – કર્ણાટક
18. માણા અથવા માના ગામ ચર્ચામાં હતું. તે કયા રાજ્યમાં આવેલું છે ? – ઉત્તરાખંડ
(કેન્દ્ર સરકારે તાજેતરમાં LAC સાથે આ ગામના પ્રવેશદ્વાર પર એક સાઈનબોર્ડ મૂક્યું છે, જેમાં ગામનું મહત્વ દર્શાવવા માટે 'ભારતનું પ્રથમ ગામ' લખેલું છે.)
19. કયા દેશે 3D પ્રિન્ટેડ સુપર એલોય 'GRX-810' વિકસાવ્યું છે ? – અમેરિકા
20. તાજેતરમાં સમાચારમાં રહેલ 'રંગ ઘર' કયા રાજ્યમાં આવેલ છે ? – આસામ
21. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં 'વન અર્થ વન હેલ્થ–એડવાન્ટેજ હેલ્થકેર ઈન્ડિયા 2023' મીટની કેટલામી આવૃત્તિનું ઉદ્દઘાટન કર્યુ છે ? – છઠ્ઠી
22. બેંગ્લુરુમાં 25 એપ્રિલ, 2023ના રોજ બપોરે 12:17 વાગ્યે એક વિચિત્ર ઘટના બની હતી. જેને _____ નામ આપવામાં આવ્યું હતું. – ઝીરો શેડો ડે
(આ ઘટનામાં સૌથી મહત્વની વાત એ છે કે આ સમયે ઈમારતો અને વૃક્ષોના ઉભા પડછાયાઓ નહોતા બન્યા. આવું એટલા માટે થયું કારણ કે આ સમયે સૂર્ય માત્ર માથે જ હોય છે જેના કારણે કોઈ પડછાયો પડતો નથી.)
23. _____ માં 12 દિવસીય પુષ્કારલુ ઉત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. પુષ્કરાલુ તહેવારને ગંગા પુષ્કરમ તરીકે પણ ઓળખવામાં આવે છે. – વારાણસી
24. કયો દેશ મેલેરિયા નાબૂદી પર 'એશિયા–પેસિફિક લીડર્સ કોન્કલેવ'નું યજમાન છે ? – ભારત
25. કયા સ્થળે SCO સંરક્ષણ મંત્રીઓની બેઠક યોજાશે, જેની અધ્યક્ષતા શ્રી રાજનાથસિંહ કરશે ? – નવી દિલ્હી
26. તાજેતરમાં કયા રાજ્યએ 'મોંઘવારી રાહત શિબિર' શરૂ કરી છે ? – રાજસ્થાન
27. તાજેતરમાં કયા મંત્રાલયે 'Indiahandmade Portal' લોન્ચ કર્યુ હતું ? – કાપડ મંત્રાલય
28. કયો દેશ 'અસ્તાના ઈન્ટરનેશનલ ફોરમ'નો આયોજક છે ? – કઝાકિસ્તાન
29. કયા દેશે ChatGPTની હરીફ 'Gigachat-AI Chatbot' લોન્ચ કરી છે ? – રશિયા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નકશા નં - 14**

## ગુજરાત — અભયારણ્ય અને નેશનલ પાર્ક



"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા
SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT